# ચિંતનની કેડી

: પ્રવચનકાર :

પ. પૂ. ગચ્છાધિપતિ

**આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા.ના**

પ્રશિષ્ય

શ્રુત સમુદ્ધારક

**પ.પૂ. આચાર્યદેવ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.**

આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા તીર્થ

૨૦૦૪

# પ્રકાશકીય

પરમ પૂજ્ય પ્રવચન પ્રભાવક, રાષ્ટ્રસંત આચાર્ય ભગવંત **શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી** મ. સા. વર્તમાન શતાબ્દીનાં એક અનૂઠા ચિંતક અને જિનશાસનના મહાન પ્રભાવક છે. પૂજ્યશ્રીના પ્રવચનો દ્વારા મનને અલૌકિક શાંતિ પ્રાપ્ત થાય છે. પૂજ્યશ્રીએ પોતાના પ્રવચનો તથા વીતરાગ વાણી દ્વારા આત્મોત્થાનનો સન્માર્ગ બતાવ્યો છે. ભારતભરમાં દરેક ક્ષેત્રોમાં સમાજની ઉન્નતિ અને સુખ-શાંતિ માટેના પૂજ્યશ્રીના પ્રવચનોને ખૂબજ આદરપૂર્વક આવકાર મળેલ છે. પ્રસ્તુત પુસ્તક **ચિંતનની કેડી**માં પણ પૂજ્યશ્રી દ્વારા આપેલ ચિંતનભર્યા પ્રેરક પ્રવચનોના અંશોનો સંગ્રહ ભરેલો છે.

આ પુસ્તકમાં લોકો સરળતાથી સમજી શકે તેવી ભાષા રાખવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. જેના દ્વારા તે દરેક લોકો માટે સુગમ બની શકે. આ કારણોસર આપને હિન્દી તથા રાજસ્થાની ઉદાહરણો પણ જોવા મળશે. અત્યાર સુધીમાં પ્રસ્તુત પુસ્તકની ત્રણ આવૃત્તિ પ્રકાશિત થઈ ચૂકી છે.

આનંદની વાત છે કે જિનેશ્વર દેવ ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામી ની કૃપા તથા પરમ પૂજ્ય દાદાગુરુ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર શ્રીમદ્ કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા. ના દિવ્ય આશીર્વાદ સાથે **'ચિંતનની કેડી'** પુસ્તકની ચૌથી આવૃત્તિ કોબા તીર્થના સાન્નિધ્યમાં આયોજિત ઇન્ટરનેશનલ જૈન ડૉક્ટર્સ ફેડરેશન (૩-૪ જાન્યુઆરી ૨૦૦૪) ના શુભ અવસર પર સીડી રૂપે પ્રકાશિત થઈ રહેલ છે. આશા રાખીએ છીએ કે અમને ઉમળકાભર્યો આવકાર મળશે. આ એક પ્રથમ પ્રયાસ હોવાથી સંપાદન કાર્યમાં કોઈ કારણોસર રહી ગયેલ ક્ષતિઓ માટે વાચક વર્ગના ક્ષમાપ્રાર્થી છીએ.

**શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર ટ્રસ્ટ બોર્ડ**

**કોબા તીર્થ, ગાંધીનગર**

# આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી

મહાન શ્રુતોદ્ધારક જૈનાચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા. જૈનસંસ્કૃતિ અને આર્ય સાહિત્યનાં દિગ્ગજ સંરક્ષક અને કલા તથા જ્ઞાન ક્ષેત્રના મર્મજ્ઞ હોવા ઉપરાંત ભારતની એકતા, સાંપ્રદાયિક સામંજસ્ય અને વિવિધ ધર્મોનો સમન્વય અપનાવી, માનવ માત્રના કલ્યાણને જીવન સંદેશ બનાવી તે માટે સદા 'બહુજન હિતાય, બહુજન સુખાય' પ્રયત્નશીલ રહ્યા છે. પૂજ્યશ્રીએ કાર્ય કુશળતા ઉપરાંત વ્યાખ્યાન અને વિવિધ ગતિવિધિઓનાં માધ્યમ દ્વારા સદા જનહિત, જીવન વિકાસ અને નૈતિકતા સભર સુસંસ્કૃત ધાર્મિક સંસ્કારોનો પ્રચાર અને પ્રસાર કરેલ છે.

આચાર્યશ્રી વ્યક્તિગત રૂપથી ધર્મ સંદર્ભે ભલે જૈનધર્મ સાથે જોડાયેલ હોવા છતાં વિચાર, વાણી, કર્મ અને કાર્ય દ્વારા ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્મય નક્ષત્રમંડળમાં સર્વત્ર દૈદિપ્યમાન છે. ખરેખર તો પૂજ્યશ્રી એક ક્રાંતિકારી વ્યક્તિત્વ ધરાવે છે જેમાં સાધુ વૃત્તિ, ત્યાગ-તપસ્વીતાની સાથે-સાથે અપૂર્વ તેજસ્વિતા અને દૂરંદેશી દૃષ્ટિકોણને વરેલા છે. સૂર્યની જેમ તેઓશ્રીની પ્રખર જ્ઞાનની ઉષ્મા, પ્રાચીન ઋષિ-મુનિઓની સાત્વિકતા, કબીરની સ્પષ્ટવાદિતા અને વિવેકાનંદ જેવી ઓજસ્વી શૈલીએ અસંખ્ય જન હૃદયોમાં શ્રદ્ધાનો દીપ પ્રજ્વલિત કર્યો છે.

પૂજ્યશ્રી પોતાના પ્રવચનોમાં જણાવે છે કે -

"હું સૌનો છું, સૌ મારા છે. પ્રાણી માત્રનું કલ્યાણ મારી હાર્દિક ભાવના છે.
હું કોઈ વર્ગ, વર્ણ, સમાજ કે જાતિ માટે નહીં પરંતુ સૌના માટે છું.
હું ખ્રીસ્તીઓનો પાદરી, મુસલમાનોનો ફકીર,
હિંદુઓનો સંન્યાસી અને જૈનોનો આચાર્ય છું."

અનુક્રમ


અ.નં.........વિષય.............................................................................પૃ.નં.
૧............પાસપોર્ટ............................................................................ ૬
૨............પાણી................................................................................૬
૩............દીવાદાંડી............................................................................ ૬
૪............ટિકિટ..............................................................................૭
૫............ગાડી................................................................................ ૭
૬............સ્ક્રૂ..................................................................................૮
૭............માસ્ટર -કી..........................................................................૮
૮............કારખાનું............................................................................૮
૯............લક્ષ્ય...............................................................................૯
૧૦..........બૂંદ.................................................................................૯
૧૧..........આંખ..............................................................................૧૦
૧૨..........સાગર............................................................................૧૦
૧૩..........પાણી.............................................................................૧૧
૧૪..........પ્રતીક............................................................................. ૧૧
૧૫..........આંગળી..........................................................................૧૧
૧૬..........સત્સંગ............................................................................ ૧૨
૧૭..........શ્રોતા.............................................................................૧૨
૧૮..........મન...............................................................................૧૨
૧૯..........મકાન.............................................................................૧૩
૨૦..........ફળ...............................................................................૧૩
૨૧..........મચ્છર............................................................................ ૧૪
૨૨..........પતંગ.............................................................................૧૪
૨૩..........તપ...............................................................................૧૪
૨૪..........બંધ...............................................................................૧૫
૨૫..........તોપ..............................................................................૧૫
૨૬..........વીજળી.......................................................................... ૧૫
૨૭..........અણુશક્તિ.......................................................................૧૬
૨૮..........દૂરબીન..........................................................................૧૬
૨૯..........રડાર.............................................................................૧૭
૩૦..........સિગ્નલ..........................................................................૧૭
૩૧..........ગાઁઠ.............................................................................૧૭
૩૨..........રાષ્ટ્રધ્વજ.......................................................................૧૮
૩૩..........ઝેર..............................................................................૧૮
૩૪..........રોગ..............................................................................૧૮
૩૫..........દીવાલ.......................................................................... ૧૯
૩૬..........સાધુ.............................................................................૧૯
૩૭..........મન...............................................................................૧૯
૩૮..........નમન.............................................................................૨૦
૩૯..........ચાવી.............................................................................૨૦
૪૦..........ખણજ............................................................................૨૦
૪૧..........કાંટો............................................................................ ૨૧
૪૨..........ટ્રાંસફોર્મર..................................................................... ૨૧
૪૩..........તાર............................................................................. ૨૧

૪૪..........સમાધિ........................................................................................૨૨
૪૫..........કેન્દ્ર........................................................................................૨૨
૪૬..........પાટા........................................................................................૨૨
૪૭..........પંખો........................................................................................૨૨
૪૮..........તાર........................................................................................૨૩
૪૯..........પંક્ચર........................................................................................૨૩
૫૦..........આત્મા........................................................................................૨૩
૫૧..........કાગળ........................................................................................૨૩
૫૨..........ગુલાબ........................................................................................૨૪
૫૩..........કોલસો........................................................................................૨૪
૫૪..........દેવતા........................................................................................૨૪
૫૫..........વિમાનનો કેપ્ટન........................................................................................૨૫
૫૬..........વિમાન........................................................................................૨૫
૫૭..........ભવસાગર........................................................................................૨૬
૫૮..........મુક્તિનો કિનારો........................................................................................૨૬
૫૯..........કારખાનું........................................................................................૨૬
૬૦..........ભોગી અને યોગી........................................................................................૨૭
૬૧..........પોલીસ અને ગુરુ........................................................................................૨૭
૬૨..........સાધના........................................................................................૨૮
૬૩..........આગ ને આત્મા........................................................................................૨૮
૬૪..........દાતા........................................................................................૨૯
૬૫..........ઘાણીનો બળદ........................................................................................૨૯
૬૬..........રેસનો ઘોડો........................................................................................૨૯
૬૭..........કિલ્લેબંધી........................................................................................૩૦
૬૮..........માખી અને કૂતરો........................................................................................૩૦
૬૯..........ઇંટ........................................................................................૩૦
૭૦..........રેતી........................................................................................૩૧
૭૧..........નળ અને આત્મા........................................................................................૩૧
૭૨..........માનવતા........................................................................................૩૨

# ૧. પાસપોર્ટ

વિદેશયાત્રા આજ ફેશન બની ગઈ છે. કોઈ ફરવા માટે, કોઈ ભણવા માટે, કોઈ ધંધા માટે, કોઈ આંતરાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લેવા માટે વિદેશ જાય છે. વિદેશમાં જવા માટે બે ચીજની જરૂર પડે છે: એક વિદેશી હુંડિયામણની, બીજી પાસપોર્ટની.

પાસપોર્ટ વિના વિદેશની સફર શક્ય નથી. પાસપોર્ટ હોય અને વિદેશી ચલણ ન હોય તો વિદેશની સફરની મઝા માણી શકાતી નથી. એના અભાવે ક્યારેક ભીખ માંગવાનો પણ વારો આવે છે.

આ સિવાય આ બાબતમાં બીજી બાબત પણ સૌ સુપેરે જાણે છે કે પાસપોર્ટ યોગ્ય-અધિકારી વ્યકિતને જ અપાય છે. અનેક વિધિમાંથી પાર ઊતર્યા બાદ જ પાસપોર્ટ મળે છે. અને વિદેશી હુંડિયામણ પણ મર્યાદામાં જ મળે છે. તેનો આધાર વિદેશની સફરના હેતુ પર રહે છે.

આ જીવ પણ વિદેશની યાત્રાએ આવેલો છે અને વિદેશની યાત્રાએ જવાનો છે. જીવની ગતિ એ તેનું વિદેશ છે. નસીબ એ તેને યાત્રા માટે મળેલું વિદેશી ચલણ. આયુષ્યનું ચલણ ખૂટતા જ તેને પોતાના વતન તરફ પાછું વળવું પડે છે. જન્મને અફળ જવા દેનાર જીવને ફરી જન્મ ધારણ કરવો પડે છે.

ભાગ્યથી સદ્‌ભાગ્ય સાધવું હોય તો વિદેશની યાત્રાનો હેતુ પણ તેવો જ ઉચ્ચ જોઈએ; યોગ્યતા પણ તેવી જ ચોખ્ખી અને બેદાગ જોઈએ.

જન્મ આપણું વતન છે, દેશ છે; મુકિત વિદેશ છે. મુકિતની વિદેશ સફર કરવી હોય તો જીવનમાં સમતા, સંવેગ અને તપ જોઈશે, આત્માનું જ્ઞાન જોઈશે, આંતરરાષ્ટ્રીય અંગ્રેજી ભાષારૂપી આત્માની ભાષા બોલતાં આવડવું જોઈશે.

કર્મરાજા સાથે આમાં છેતરપીંડી નહિ ચાલે. દેખાવ ત્યાગનો કરી ભોગ ભોગવતા હશો તો મુકિતનો પાસપોર્ટ નહિ મળે. વૈરાગ્યનું સર્ટીફિકેટ લઈને સંસારની મોજ માણશો તો પાસપોર્ટ તમારો જપ્ત થઈ જશે. અને પરિણામ ?

જ્યાંથી નીકળ્યા છો ત્યાં જ પાછા ફરવું પડશે. ફરી ફરીને જન્મ-મરણના ફેરામાં પડવું પડશે, વિવિધ યોનિઓમાં ભટકવું પડશે.

# ૨. પાણી

પાણીને તમે ગ્લાસમાં ભરો. પાણીને તમે તપેલીમાં ભરો. પાણીને કથરોટમાં ભરો. પાણીને ઘડામાં ભરો. વાસણે વાસણે પાણીનો આકાર બદલાઈ જશે. શું આ આકાર એ પાણીનો મૂળ આકાર છે એમ કોઈ કહેશે ખરું ? ના.

પાણીમાં લાલ રંગ નાંખો, પાણી લાલ દેખાશે. પાણીમાં કેસરી રંગ નાંખો, પાણી કેસરી દેખાશે. જેવો રંગ ભેળવશો તેવું પાણી રંગીન દેખાશે. શું આ પાણી નો મૂળ રંગ હોય છે ? ના.

આત્માના મૂળ નિરાકાર, નિરંજન, નિરાહાર, અરૂપ સ્વભાવને માનવી ભૂલી ગયો છે. આથી આત્માને ભૌતિક પદાર્થોમાં રંગાયેલો જોઈ તે જ મિશ્રિત સ્વરૂપને આત્માનું રૂપ અને સ્વભાવ માને છે.

પરિણામે જડમાં તે સુખ શોધે છે, અચેતનમાં તે આનંદ જુએ છે. પણ આ પાયાની ભૂલ છે.

આકાર અને રંગથી આત્માને દૂર કરો. આત્માનું અનંત સુખ અને અક્ષય શાંતિ પામશો.

# ૩. દીવાદાંડી

સાગર ઘૂઘવે છે. તેનાં મોજાં જોર જોરથી ઊંચે ઊછળે છે. એ મોજાં એવી તાકાત અને તેજ ગતિથી ખડક સાથે અથડાય છે કે ઘડીક એમ લાગે કે પથ્થરના ચૂરેચૂરા થઈ ગયા.

આવા સાગરની વચ્ચોવચ્ચ એક દીવાદાંડી ઊભી છે. તેને ન મોજાંનો ભય છે, ન વમળનો; તે નિર્ભય છે, અનાસકત છે.

આ દીવાદાંડી જહાજો અને હોડવા માટે રાહબર છે. તે સંકેત આપે છે: થોભો, આગળ ભય છે. જાવ, કોઈ જ ભય નથી.

સાધુ-સંતો-ગુરુઓ ભવસાગરની દીવાદાંડીરૂપ છે. દીવાદાંડીમાં પ્રકાશ છે. આ સાધુ-સંતોના અંતરમાં આત્મજ્ઞાનનો દિવ્ય પ્રકાશ છે. આ જ્ઞાનપ્રકાશથી ગુરુઓ સંસારીઓને સાવધ કરે છે : થોભો ! વાસનાઓનાં વાદળ આવી રહ્યાં છે. થોભો ! આગળ કષાયના વમળ છે.

ભવસાગરમાં જીવનનાવ હંકારો છો ત્યારે ગુરુઓરુપી દીવાદાંડી તરવા અચૂક ધ્યાન રાખો. નહિ રાખો તો ભવસાગરમાં તમારી જીવનનાવ ક્યાંક ડૂબી જશે, તેમાં કોઈ શક નથી.

# ૪. ટિકિટ

ગાડીમાં મુસાફરી કરવા માટે ટિકિટ લેવી અનિવાર્ય છે; ટિકિટ લીધા વિના મુસાફરી કરવી એ ગુનો છે. આથી જ ખુદાબક્ષ મુસાફરોને દંડ કરવામાં આવે છે.

ગાડીમાં સેંકડો મુસાફર બેઠા હોય છે. તેમાં ટિકિટ લીધા વિનાના મુસાફર પણ હોય છે. તેના દેખાવ પરથી ભાગ્યે જ ખબર પડે છે કે તે ટિકિટ લીધા વિના મુસાફરી કરે છે. ત્યારે તો તે બીજા મુસાફર જેવો જ દેખાય છે.

પરંતુ તેવા મુસાફરના હૈયામાં સતત ફફડાટ ફફડતો હોય છે. તેની આંખો ટિકિટ-ચેકર તરફ સાવધાનીથી ઘૂમતી હોય છે. "ટિકિટ વિના હું ગાડીમાં બેસી તો ગયો છું પણ પકડાઈ જઈશ તો ? મારી આબરૂ જશે. મને સજા થશે." આવા અનેક ભયજનક વિચારોથી તે મનોમન ધ્રૂજતો રહે છે.

મોટા ભાગના માણસો ખુદાબક્ષ-ટિકિટ લીધા વિનાના-મુસાફરો જેવા છે. આથી તે ક્યારેક જ વિચારે છે: મારું શું થશે ? મને નોકરી મળશે કે નહિ ? મારો ધંધો ચાલશે કે નહિ? આ બિમારીમાંથી હું સાજો થઈશ કે નહિ ? અને મરી જઈશ તો મારાં બૈરી છોકરાઓનું શું થશે ?

આ ને બીજા આવા અનેક ભયથી માનવી અંદર ને અંદર ધ્રુજી રહ્યો છે. આવા ભયથી તે જીવે છે તેથી જીવન જીવવાનો સાચો આનંદ એ માણી શકતો નથી. શાંતિથી, નચિંત મને તે જીવી શકતો નથી. આવો માનવી ભયથી અશાંત છે, અજંપ છે.

જીવનની મુસાફરી આનંદથી પૂરી કરવી હોય તો ધર્મની ટિકિટ લઈને મુસાફરી કરો. ધર્મની ટિકિટ જેની પાસે છે એને ડરવાનું કોઈ કારણ નથી.

જેની પાસે ટિકિટ છે તેને ટિકિટ-ચેકર સતાવતો નથી. ધર્મની ટિકિટ હશે તો કર્મરાજા રૂપી ટિકિટચેકર તમને સતાવશે નહિ. ધર્મરૂપી ટિકિટથી તમે નચિંત મને જીવનની મુસાફરી સુખેથી પૂરી કરી શકશો.

પણ ધર્મની ટિકિટ વિના જીવનની મુસાફરી કરશો તો દંડાયા વિના નહિ રહો એ પણ ધ્યાન રાખજો.

આથી જ 'ટિકિટ વિના મુસાફરી ન કરો,' એ સૂત્રને તમારી આત્મસાધના માટે સદાય નજર સમક્ષ રાખો.

# ૫. ગાડી

કોલસાથી ચાલતી એન્જીન ગાડી હોય કે વિજળી કે ડીઝલથી ચાલતી ગાડી હોય, દરેક ગાડીમાં ડ્રાયવર અને ગાર્ડ બંનેની જરૂર હોય છે.

ગાડી ચલાવે છે ડ્રાયવર પણ તેનું સંચાલન ગાર્ડ કરે છે. આ ગાર્ડ આખી ગાડીની સંભાળ રાખે છે. તે લાલ-લીલા ફાનસ કે વાવટા ફરકાવી ભય અને સુરક્ષાના સંકેત આપે છે. ગાર્ડની સૂચના મુજબ ડ્રાયવર ગાડીને તેજ હાંકે છે, ધીમી હાંકે છે, અને અધવચ્ચે અટકાવી પણ દે છે; ક્યારેક ગાડીને પાછી પણ હંકારે છે.

જીવનની ગાડી તો સૌ ચલાવે છે. પણ મોટા ભાગની જીવનગાડીને કોઈ ગાર્ડ નથી હોતો. ગુરુઓ જીવનગાડીના ગાર્ડ છે.

ગુરુ માનવીને તેનું જીવન કેમ જીવવું તેનું માર્ગદર્શન આપે છે. કોઈ ભય હોય તો તે શિષ્યને કે ભકતને તે સામે સાવધાન કરે છે.

ડ્રાયવર માટે ગાર્ડનું કહેવું-માનવું અનિવાર્ય છે. જે ડ્રાયવર ગાર્ડની સૂચના નથી માનતો તે ડ્રાયવર ગાડીનો ક્યાંક અકસ્માત કરી બેસે છે.

ગુરુરૂપી ગાર્ડ વિના આજ માનવીની જીવનગાડી બેફામ દોડી રહી છે. નરી આંખે ન દેખાય તેવા અનેક અકસ્માત તે રોજે રોજ સર્જે છે. પણ અજ્ઞાન માનવી તેનાથી બેખબર છે.

જીવનને અકસ્માતોથી બચાવવું હોય તો તમારી ગાડીનું સુકાન કોઈ ગુરુને સોંપી દો. ગુરુ કહે ત્યારે ગાડીને-જીવનને તેજ દોડાવો, ધીમે દોડાવો. ગુરુ કહે થોભી જાવ, તો તમારી દોડને થંભાવી દો.

ગુરુ તમને જે સંકેત આપે તે સમજો. એ સંકેત પ્રમાણે તમે તમારું જીવન જીવો.

યાદ રાખો, જે માનવી પોતાનું જીવન ગુરુને ભરોસે સોંપી દે છે તેનું જીવન જરૂરથી નિશ્ચિત સ્થાને નિર્વિઘ્નપણે પહોંચે છે.

જીવનની ગાડીને મુકિતના ધામે લઈ જવાની છે. આ ધામે પહોંચવા માટે ગુરુનો સંગ કરી લો. ગુરુને જ તમારી જીવનગાડી સોંપી દો.

# ૬. સ્ક્રૂ

મશીન નાનું હોય કે મોટું, પછી તે કપડાં સીવવાનું મશીન હોય કે યાંત્રિક માનવ બનાવવાનું મશીન - આજના યુગને મશીનયુગ તરીકે ઓળખાવાય છે. કારણ, આ મશીનો આજે રાષ્ટ્રીય સમૃદ્ધિ પેદા કરે છે.

આ દરેક મશીન વૈજ્ઞાનિક ઢબે તૈયાર થયેલું હોય છે. તેમાંનો એક પણ સ્ક્રૂ ઢીલો હોય, સહેજ પણ ઢીલો હોય તો મશીન બરાબર કામ નથી આપતું. લાખો રૂપિયાની કિંમતનું મશીન એક માત્ર ઢીલા સ્ક્રૂના કારણે ધારેલું કામ આપતું અટકી જાય છે.

આજ માનવ પણ મશીન જ બની ગયો છે ને ? મશીન એકધાર્યું કામ કરે જાય છે. માનવી પણ આજ એવી જ રીતે જીવે છે.

ત્યારે માનવી શું એટલું સમજવા તરફ ધ્યાન આપશે કે તેનો એક સ્ક્રૂ ક્યાંક ઢીલો થઈ ગયો છે ?

મગજનો એક તંતુ કે જ્ઞાનતંતુ આજ ઢીલો થઈ ગયો છે. મન નબળું પડી ગયું છે. આત્મા બિચારો બની ગયો છે.

મન અને મગજ નબળાં હોય તો શી દશા થાય ? લોકો આવા માનવીને પાગલ કહે છે. આંગળી ચીંધીને કહે છે કે :'તેના મગજનો એક સ્ક્રૂ ઢીલો થઈ ગયો છે.'

મન નબળું હોવાથી સત્યનો નિર્ણય થઈ શકતો નથી. માનવી વિવેક ખોઈ બેસે છે. આથી અસારને તે સાર માની લે છે, સારને અસાર. ભોગમાં સુખ અને ત્યાગમાં દુઃખ.

આનું પરિણામ આજ એ આવ્યું છે કે આજનો માનવી અનેક સગવડો અને સાધનો વચ્ચે પણ દુઃખી છે, સંતપ્ત છે, અજંપાથી ઘેરાયેલો છે.

જરૂર છે મનને સુદૃઢ કરવાની. જરૂર છે વૃત્તિઓને સ્થિર કરવાની. જરૂર છે વાસનાઓ અને કામનાઓને નિયંત્રણમાં રાખવાની.

અને સૌથી વધુ જરૂર છે આત્માથી વિખૂટા પડી ગયેલા મનને ફરીથી આત્મામાં પરોવવાની, ઢીલા પડી ગયેલા મનના સ્ક્રૂને દૃઢ કરી એને આત્મા સાથે જોડી દેવાની.

# ૭. માસ્ટર-કી

તાળાની ચાવી ખોવાઈ ગઈ છે. ગોદરેજના કબાટની ચાવી મળતી નથી. ટેબલનું ખાનું બંધ છે, અને ચાવી અંદર રહી ગઈ છે !

કંઈ ફિકર નહિ. તાળાવાળો ઉસ્તાદ માસ્ટર-કીથી બંધ તાળું ઘડીક વારમાં ઉઘાડી આપે છે.

આ માસ્ટર-કીનું આજ દરેક ક્ષેત્રમાં મહત્ત્વ છે. દરેક ધંધાદાર અને કલાકાર પાસે આવી એક માસ્ટરકી હોય છે. તેનાથી તે પોતાનાં ધંધા અને કલાને સફળ બનાવે છે.

પણ જીવનને સફળ બનાવવા વિચારવાનું કે નહિ? તેના માટે કોઈ માસ્ટર-કી રાખવાની કે નહિ?

જીવનને સફળ બનાવવાની ચાવી સાધુ-સંતો પાસે છે. તેમની પાસે શાસ્ત્રોરુપી માસ્ટર-કી છે. આ માસ્ટર-કી થી તેઓ અનેકનાં બંધ પડેલા જીવનને ખોલે છે, ઉઘાડે છે.

તાળું તોડ્યા વિના તાળાવાળો ઉસ્તાદ તાળું ખોલે છે તેમ સાધુ-સંતો અજ્ઞાન, અશ્રદ્ધા અને અવિવેકથી બંધ પડેલા અંતરને જરા પણ ઘસરડો પાડ્યા વિના ખોલે છે. ઉઘાડે છે.

# ૮. કારખાનું

આજ માનવી મોટાં મોટાં કારખાનાં સ્થાપે છે. ઔદ્યોગિક વિસ્તારમાં રાત-દિવસ કારખાનાં ધમધમે છે. લાખો રુપિયાની કિંમતના માલનું ઉત્પાદન થાય છે.

આ જ કારખાનાંમાં હડતાલ પડે છે તો ઉત્પાદન સ્થગિત થઈ જાય છે. વ્યક્તિગત અને રાષ્ટ્રીય આવકમાં તેનાથી મોટી ખોટ જાય છે.

માનવી જડ કારખાનાંને ચલાવે છે, તેની તાકાતને સુપેરે ઓળખે છે, પણ ખુદ પોતાનો દેહ એક જબરદસ્ત કારખાનું છે તે ભૂલી જાય છે.

આ મનખાદેહ દ્વારા આધ્યાત્મિક ઉત્પાદન કરવાનું છે. તેમાંથી પ્રેમ, કરુણા, મૈત્રી, શાંતિ વગેરે ઊંચી જાતનો માલ ઉત્પન્ન કરવાનો છે.

કારખાનું નફો રળવા ચલાવાય છે, વધુ શ્રીમંત બનવા ચલાવાય છે. તે ખોટમાં જાય તો કોઈ કારખાનું ચલાવવાની મૂર્ખામી કરતું નથી.

પરંતુ પોતાનું દેહરુપી કારખાનું ખોટમાં ચાલે છે કે નફામાં, તેમાં હડતાલ પણ પડે છે કે એ સતત ચાલુ રહે છે તે આજ કોણ જુવે છે?

આ દેહરુપી કારખાનામાં ત્રણ વિભાગ છે: કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય અને અંત:કરણ. આ ત્રણેય વિભાગો પર પૂરતું ધ્યાન આપવાની જરુર છે.

પાંચેય જ્ઞાનેન્દ્રિયો અને પાંચેય કર્મેન્દ્રિયો આધ્યાત્મિક માલનું બરાબર ઉત્પાદન કરે છે કે નહિ તેની કાળજી રાખવી જરુરી છે. અંત:કરણમાંથી કારખાનાની દેખભાળ બરાબર થાય કે નહિ, કે પછી ત્યાં વિષય અને કષાય લાંચ આપીને બનાવટી માલ તો ઉત્પાદન કરાવી નથી જતાં ને તેની ચાંપતી નજર રાખવાની જરુર છે.

આ સાથે યાદ રહે કે દેહરુપી કારખાનું એક દિવસ ઓચિંતુ જ બંધ પડી જવાનું છે. એ બંધ પડે તે પહેલાં આંખથી ભગવાનને જોઈ લો, કાનથી ભગવાનની વાણી સાંભળી લો, હાથ-પગથી ભગવાનની ભક્તિ કરી લો, આત્માની આરાધના અને સાધના સાધી લો. એ જ સાચું અને નફાવાળું ઉત્પાદન છે.

# ૯. લક્ષ્ય

માનવી ત્યારે ગુફામાં રહેતો હતો. એ યુગમાં તે ગોફણ વાપરતો હતો. એ જ માનવી જંગલમાં વસવા લાગ્યો, ત્યારે તેણે તીર-કામઠાં વાપરવા માંડ્યાં. એ પછી સમયના વહેતાં પ્રવાહ સાથે તેણે લક્ષ્યવેધના સાધનો શસ્ત્રોમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી. તેણે બંદૂક શોધી, રાયફલ શોધી, તોપ અને મિસાઇલ્સ પણ શોધ્યાં.

ગોફણ હોય કે બંદૂક, તોપ હોય કે મિસાઇલ્સ, આ બધાં જ શસ્ત્રો લક્ષ્ય પર તકાય છે. જેને મારવાના છે, વીંધવાના છે તેના પર તે મંડાય છે.

ફળ તોડવા માટે ફેંકાયેલ ગોફણ ફળ પર તાકેલી ન હોય તો ફળ નથી તૂટતું. બંદૂક, તોપ, મિસાઇલ્સ પણ ત્યારે જ લક્ષ્યને વેધી શકે છે, જ્યારે તેનું નિશાન ચોક્કસ હોય છે. નિશાન ચોક્કસ ન હોય તો આમાંથી એક પણ હથિયાર લક્ષ્યવેધ નથી કરી શકતું.

જડ પદાર્થો પ્રત્યે આટલો ચોક્કસ માનવી પોતાના જીવનના લક્ષ્ય પ્રત્યે કેટલો બેદરકાર રહે છે!

મોટાભાગના માણસો જીવે છે ખરા, પણ લક્ષ્ય વિના, કોઈ ધ્યેય વિના. હેતુવિહીન જીવન બધા જીવે છે.

અલબત્ત, પૈસા મેળવવાનું, પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનું મોટાભાગના માનવીઓનું ધ્યેય હોય છે. એ ધ્યેય ઘણાં સિદ્ધ કરે પણ છે.

પરંતુ આવા ધ્યેયથી આત્માનો ઉદ્ધાર થતો નથી, આ માટે જરુર છે પ્રથમ આત્મપ્રાપ્તિનું ધ્યેય નક્કી કરવાની.

ધ્યેય નક્કી કરો અને તેના પર નિશાન તાકો. ધ્યેય મુક્તિનું રાખશો અને નિશાન બીજે તાકશો તો મુક્તિ કદી નહિ મળે.

ધ્યેયને સામે રાખી સાધના અને આરાધના કરવાથી જ ધ્યેયને પામી શકાશે. ભૌતિક પદાર્થોમાં ડૂબ્યા રહેવાથી આત્માની અનુભૂતિ અને પ્રાપ્તિ કદી નહિ થાય.

# ૧૦. બૂંદ

સાગર ધીર છે, ગંભીર છે, તપસ્વી પણ છે.

સાગરનું પાણી કોઈ પીતું નથી. પીવે છે તો તેનાથી સુકાતું ગળું ભીંજાતું નથી. તરસ એવી ને એવી જ રહે છે. ઊલટું સાગરનું પાણી પીવાથી મોં ખારું બની જાય છે.

સાગર જાણે છે કે પોતે ખારો છે. આથી જ એ પોતાની ખારાશ મિટાવી દેવા ખડક સાથે જોરથી માથાં પછાડે છે.

પરંતુ સાગર માત્ર માથું જ નથી પછાડતો, અબોલપણે, દૃઢ શ્રદ્ધાથી અને કશીય ફરિયાદ કર્યા વિના સમભાવથી તે તપ પણ કરે છે.

પોતાની જાતને તે તપાવે છે. સૂર્યની અસહ્ય ગરમીને એ પોતાની છાતી પર ઝીલે છે. ગગન ક્યારેક આગ ઓકે છે. માનવ સૃષ્ટિ એ ધોમધખતા તાપથી આકુળ-વ્યાકુળ બની જાય છે. ત્યારે સાગર એ ગરમીને પોતાના અણુએ અણુમાં પ્રસરવા દે છે.

ભૂગોળનું વિજ્ઞાન કહે છે કે સૂર્યની ગરમીથી સાગરના પાણીની વરાળ બને છે. એ વરાળ ઊંચે ચડે છે. તેના વાદળાં બંધાય છે. એ વાદળાં પવનની ગતિ સાથે આગળ વધે છે, પર્વત સાથે ભટકાય છે અને ધરતી લીલીછમ બની જાય છે. એ પાણી ત્યારે મીઠાં હોય છે.

સાગર કહે છે: મારી ખારાશને નહિ, મીઠાશને જુવો; મારી આળસને નહિ, મારી અપરોક્ષ આરાધના ને નીરખો.

સાગરનાં જલબિંદુઓ તપીને ઊંચે ચડે છે. તપવાથી તેમની ખારાશ નષ્ટ થઈ જાય છે, એટલું જ નહિ, મીઠી મધુરપ તેમાં ભરાય છે.

જગતના તમામ ધર્મો આથી જ અનુરોધ કરે છે કે--

ઊર્ધ્વ ગતિ પામવી હોય, ઊંચે ચડવું હોય, ઉન્નતિ કરવી હોય, જીવનને મીઠું અને મધુર બનાવવું હોય તો--

તપ કરો, સહન કરો, સાધના કરો, સમભાવ કેળવો.

# ૧૧. આંખ

મીઠાઈમાં ન મીઠાશ છે. લીમડામાં ન કડવાશ છે. ગુલાબની પાંખડીઓમાં ન સુંવાળપ છે. કાંટામાં ન તીક્ષ્ણતા છે.

અ નામની વ્યક્તિએ ચશ્માં પહેર્યા છે. તેનાં ચશ્માંના કાચનો રંગ સફેદ છે.

બ નામની વ્યક્તિએ પહેરેલ ચશ્માંના કાચનો રંગ લાલ છે.

કોઈએ લીલા કાચનાં ચશ્માં પહેર્યાં છે, તો કોઈએ આસમાની રંગનાં.

આ બધા જ ચશ્માંધારીઓ એક જ વસ્તુને જુએ છે, પણ કોઈને એ વસ્તુ છે તેવી જ દેખાય છે, કોઈને લીલી તો કોઈને આસમાની.

આમાં વાંક શું વસ્તુનો છે? ના. વસ્તુ તો છે તેવી ને તેવી જ છે, પણ આંખ પર રંગીન કાચનાં ચશ્માં પહેર્યાં છે એટલે દરેકને એક જ વસ્તુ જુદા જુદા રંગની દેખાય છે.

સંસારના ભોગ-પદાર્થોનું પણ એવું જ છે. માનવી તેને રંગીન ચશ્માંથી જોવા ટેવાઈ ગયો છે. આથી તેને બંગલા અને મોટરમાં સુખ દેખાય છે. રુપમાં તેને સંતોષ જણાય છે. સગવડો અને સાધનોમાં તેને શાંતિ લાગે છે.

પરંતુ વાસ્તવમાં આ બધો નજરનો ભેદ છે. ન બંગલા-મોટરમાં સુખ છે, ન પ્રતિષ્ઠા અને પ્રેમમાં. સંસારના ભોગ-પદાર્થો તો જડ છે.

જડ પદાર્થોમાં આપણે મારાપણાનું આરોપણ કરીએ છીએ તેથી તેમાં સુખ છે એમ જણાય છે. બાકી એ પદાર્થોમાં સ્વયં સુખ આપવાની કોઈ જ તાકાત નથી.

આથી જ જીવનને તથા સંસારના ભોગ-પદાર્થોને માત્ર આત્માની નજરે જુઓ, સફેદ કાચથી જુઓ. વાસના અને કામનાના રંગીન કાચથી ન જુવો.

આત્માની નજરે જે જુવે છે તેને સંસારના કોઈ જ ભોગ-પદાર્થોમાં સુખ નથી જણાતું. તેવો આત્મસાધક તો એવા સુખાભાસથી સદાય દૂર જ રહેવાનો.

# ૧૨. સાગર

નદી કલકલ વહે છે. પહાડ પરથી નીકળી અનેક વિસ્તારોમાં વહેતી વહેતી તે છેવટે સાગરમાં મળે છે.

સાગર ઘૂઘવે છે, ઊછળે છે; નદીઓને પામીને તે વધુ ઘૂઘવાટ કરે છે.

નદીઓનું પાણી મીઠું છે, સાગરનું પાણી ખારું. નદી તો એની એ જ છે, જે પર્વતમાંથી નીકળી સાગરમાં સમાઈ જાય છે. તેનું પાણી એનું એ જ છે--જે પાણી પીને લોકો પોતાની તરસ છિપાવે છે.

તો સાગરનું પાણી ખારું કેમ? સાગર ખારો ખારો કેમ? નદીઓના મીઠા પાણીથી બનેલા સાગરનું પાણી માનવી થૂંકી કેમ નાંખે છે?

કારણ, નદી સમાજવાદી છે, સાગર સંગ્રહાખોર છે.

પર્વતની ગોદમાંથી નીકળેલી નદી જ્યાં જ્યાં વહે છે ત્યાં ત્યાં તે પોતાનું પાણી આપતી આપતી આગળ વધે છે.

નદી દાન કરે છે, વહેંચે છે. ઉદારતાથી તે આપે છે. સાગર નથી દાન કરતો, નથી વહેંચતો, નથી કોઈને સ્વેચ્છાએ આપતો.

નદી દાની છે આથી નિર્મળ અને મીઠી છે. સાગર પરિગ્રહી છે, સંગ્રહખોર છે, કંજૂસ છે; આથી તે ખારો છે અને સદાય ઘૂઘવે છે.

ઘણાં અમને કહે છે: ‘પૈસા હોય તો અમે પણ દાન કરીએ.’ પણ દાન માત્ર પૈસાથી જ નથી થતું. દાન તો શક્તિનું પણ થઈ શકે છે. બુદ્ધિનું પણ થઇ શકે છે. અને સમયનું પણ થઈ શકે છે.

તમારી પાસે બુદ્ધિ છે, તો એ બુદ્ધિનું દાન કરી જગતમાં સારા અને ઉમદા વિચારો ફેલાવો, કલેશ અને કંકાસ ઓછા કરવામાં મદદગાર બનો.

તમારી પાસે સમય અને શક્તિ છે, તો દુ:ખીઓની સેવા કરો, ભાંગેલાને બેઠા કરો, હતાશને આશા આપો, તેને નવું જીવન જીવવાનું બળ આપો.

કશાયનો સંગ્રહ ન કરો. આપો, વહેંચો અને જુઓ કે તમારું મીઠું બની રહેશે.

# ૧૩. પાણી

પૈસામાં ન સુખ છે, ન દુ:ખ. પ્રતિષ્ઠામાં ન આનંદ છે, ન આંસુ. પ્રેમમાં ન ઉલ્લાસ છે, ન ઉદાસી. ઘરમાં ન શાંતિ છે, ન

કકળાટ.

આત્મા તો સુખથી સભર છે, આનંદથી છલોછલ છે. ઉલ્લાસથી તે ઉભરાય છે. આત્મા તો શાંતિસ્વરુપ છે.

તમે ચૂલો સળગાવતા હો કે સગડી, પ્રાયમસ પેટાવતા હો કે ગેસ. એના ઉપર તમે જ્યારે પાણીની તપેલી મૂકો છો, ત્યારે એમાંનું પાણી ઠંડુ હોય છે. એ જ સાધનોને તમે સળગાવો છો તો પાણી ગરમ થાય છે.

વાસ્તવમાં પાણી ગરમ નથી હોતુ; ગરમ કરવાથી તે ગરમ બને છે. પણ એ જ ગરમ પાણી નીચેનું બળતણ બંધ પડી જતાં વળી પાછું એ ઠંડું પડી જાય છે. આમ પાણીનો સ્વભાવ ઠંડકનો છે.

એ જ પાણીને રેફ્રીજેટરમાં મૂકો તો એ પાણી બરફ થઈ જશે. પણ બરફ એ તેનો સ્વભાવ નથી આથી જ બરફ બહાર મૂકતાં તે ફરી પોતાના પ્રવાહિત રુપમાં આવી જાય છે.

# ૧૪. પ્રતીક

રુપ કંઈ માત્ર ગોરી ચામડીમાં જ નથી; જોવાની આંખ હોય તો રુપ તો ચારે બાજુ વેરાયેલું છે. અરે! ખુદ પોતાનામાં પણ એ ભારોભાર સંતાયેલું છે.

આંગળીઓમાં પણ રુપ છે. અને આધ્યાત્મિક રુપ? આત્મિક સૌન્દર્ય? એ રુપને ઓળખો. એ સૌન્દર્યને પામો.

તર્જની અક્કડ અને સીધી બની જ્યારે કોઈની તરફ ચીંધાય છે ત્યારે એવી વ્યક્તિ પાસે કોઈ બેસતું નથી. તેવા પ્રસંગે વ્યક્તિ ગુસ્સામાં હોય છે; બુદ્ધિથી બધિર હોય છે.

એ જ તર્જની વળે છે, નમે છે અને અંગુઠા ઉપર પોતાનું માથું ટેકવે છે ત્યારે તે કોઈ દિવ્ય મુદ્રા સર્જે છે.

એ મુદ્રા એક પ્રાર્થનાની છે, માળા દ્વારા થતા જાપની છે.

આ તર્જની એ મનનું પ્રતીક છે. અંગુઠો આત્માનું પ્રતીક છે.

મન અને આત્મા એક થાય છે ત્યારે અનંતા ભવોનાં કર્મો ખરવા લાગે છે.

બાકીની ત્રણ આંગળીઓ આ કર્મોનો સર્વથા ક્ષય કરવા માટે બળ આપે છે. એ ત્રણ આંગળીઓ પ્રતીક છે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્રની.

આ સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રથી મન આત્મામાં એકાકાર બને છે ત્યારે આત્મા પર લાગેલ દેહ અને કર્મની વર્ગણાઓ છૂટી જાય છે. પછી રહી જાય છે માત્ર એક આત્મભાવ અર્થાત્ આત્મા.

આંગળીઓના આ ગોપિત આધ્યાત્મિક સૌન્દર્યને જે પામે છે તેનો ઉદ્ધાર થઈ જાય છે.

રુપ અને સૌન્દર્ય વચ્ચે આ જ મહત્ત્વનો તફાવત છે.

રુપ જીવને ભંગાર કરે છે, સૌન્દર્ય જીવનો ઉદ્ધાર.

# ૧૫. આંગળી

'જો, પેલો ચોર જાય.'

'ઓળખ્યો એને? લાખોનું દેવાળું ફૂંકીને એણે કંઈકને નવડાવી નાંખ્યા છે!'

'ગેટ આઉટ, નીકળ અહીંથી.'

તિરસ્કાર, ઘૃણા અને રોષ બતાવવા માનવી પોતાની તર્જની આંગળીનો ઉપયોગ કરે છે. તર્જની ચીંધીને તે બતાવે છે કે સામો માણસ કેવો લુચ્ચો, બદમાશ અને લફંગો છે.

આ સમયે, રોષ અને ધિક્કારની આગમાં માનવી એ ભૂલી જાય છે કે જેના સામે તે આગ ઓકે છે, ઘૃણા વ્યક્ત કરે છે તેના તરફ માત્ર તર્જની જ ચીંધાય છે.

બાકીની ત્રણ આંગળીઓ ત્યારે પોતાના તરફ જ મોં રાખે છે.

આ ત્રણ આંગળીઓ કહે છે કે 'ભાઈ! તું નાહક શા માટે બીજાનાં છિદ્રો જુવે છે? બીજાના દોષ શા માટે બતાવે છે? સામાની નિંદા અને કુથલી તું શા માટે કરે છે?

તું તારી ભીતર જો, તું ખુદ તારું પોતાનું જીવન તો તપાસ; શું તારા જીવનમાં કોઈ દોષ નથી? ભલે દુનિયાની નજરે તું રેડ-હેન્ડેડ (ગુનો કરતો) ન પકડાયો હો, પણ શું તેં કોઈ જ ગુનો કે અપરાધ નથી કર્યો?

તેંય ભૂલો કરી છે, તારા જીવનમાંય ઘણાં દોષ છે. તારા અંતરમાંય નીંદવા યોગ્ય ઘણી ગંદગી ભરી છે.

પણ પોતા તરફ વળેલી ત્રણ ત્રણ આંગળીઓના ઈશારાને આજ ક્યો માનવી નિહાળે છે?

આત્માને પામવો હશે તો પ્રથમ ભીતર જોવું પડશે; અંતર તરફ મોં રાખતી આંગળીઓનો સંકેત સમજવો પડશે; સામાને નહિ પણ સ્વને તિરસ્કારવો પડશે; સામાની નહિ પણ સ્વની નિંદા કરવી પડશે; બીજાની નહિ પણ પોતાની ઘૃણા કરવી પડશે.

સ્વનિંદા કરો, સ્વને સંમાર્જિત કરો. સ્વ શુદ્ધ બનશે એટલે આત્મા આપોઆપ પરમાત્મા બનશે.

# ૧૬. સત્સંગ

ત્યારે હું એક નદીકાંઠેથી પસાર થઈ રહ્યો હતો. મેં ત્યાં જોયું કે તેની ખૂબ જ નજીકમાં લીલી હરિયાળી ઊગી હતી. મેં તેના ઉલ્લાસનું નૃત્ય જોયું અને મારો આત્મા વિભોર બની ઊઠ્યો.

થોડેક ગયા પછી મને વિચાર આવ્યો કે આ હરિયાળી કોણે ઉગાડી હશે? કોણે ત્યાં બીજ રોપ્યાં હશે? એ બીજની કોણે માવજત કરી હશે? કોઈ વાવનાર નથી, કોઈ ઉછેરનાર નથી, તો એ હરિયાળી કેવી રીતે ઉલ્લાસનું નૃત્ય કરતાં શીખી હશે? આનંદનું ગીત તેને કોણે શીખવાડ્યું હશે?

વિચારોના વમળમાં હું ડૂબતો ગયો; ડૂબતા વિચારો તળિયે જઈને છેવટે સ્થિર થયા, ત્યાં જ મને ઠંડી હવાએ કહ્યું:

"એમાં આટલા બધા વિચારોમાં શું ગોથાં ખાય છે? ત્યાં તે નદી નહોતી જોઈ?"

"જોઈ હતી ને."

"નદીમાં પાણી હતું ને?"

"હતું"

અને મને સમજાઈ ગયું કે ઠંડી હવા મને શું કહેવા માંગે છે.

નદીનાં પાણીનો એ પ્રભાવ છે કે તેના કાંઠે જે આવે તેને તે શીતળતા આપે છે, સંસ્કાર આપે છે. પેટાળમાં દટાયેલ અણદીઠ બીજને તે પોષે છે. સંવર્ધે છે. અને પછી બીજ ધરતીને ચીરીને તેનું માથું સૂર્ય સામે ઊંચું કરે છે. નદીના પવિત્ર સ્પર્શથી તે આનંદનું ગીત ગાય છે અને ઉલ્લાસનું નૃત્ય કરે છે.

સત્સંગનો મહિમા આ જ છે. સંતોની પાસે તમે બેસો અને તમારું જીવન મહેંકી ઊઠશે, ભીતરમાં દટાયેલ શુભ લાગણીઓ આત્માના ગીત ગાતી બનશે અને તમે આત્મોલ્લાસનું નૃત્ય કરવા લાગી જશો.

# ૧૭. શ્રોતા

એણે સગડીમાં કાગળ નાંખ્યો અને આંખના પલકારામાં જ તે ભડ ભડ બળીને રાખ થઈ ગયો.

એણે સગડીમાં કોલસા પૂર્યાં, કોલસા ધીમે ધીમે બળ્યા. પૂરા લાલચોળ બન્યા, અને છેવટે રાખ થયા.

કાગળની રાખ કાળી થઈ.

કોલસાની રાખ સફેદ.

કાગળ અને કોલસો બંનેય બળ્યાં, પણ કાગળનું બળવું નકામું ગયું, કોલસાનું બળવું સાર્થક થયું. કારણ, તેના ધીમા તાપથી રસોઈ થઈ, કોઈની ઠંડી ઊડી.

શ્રોતા પણ આમ બે પ્રકારના છે: એક સાંભળે પણ છે, સાંભળીને તેના પર વિચારતો નથી; સાંભળીને ઝટ ઝટ ઊભો થઈ જાય છે. મળેલ વિચારભાથાને તે ખંખેરી નાંખે છે.

બીજો સાંભળે છે, તેના પર વિચાર કરે છે. અંતરમાં ઊંડો ઊતરે છે, પોતાના દોષોને દૂર કરે છે. જિંદગીને ભીતરથી અજવાળે છે. સમગ્ર જિંદગી તેની વિચારની આગમાં સળગી ઊઠે છે.

આ આગ તેને નથી દઝાડતી, નથી બાળતી; એ તો તેના જીવનને પ્રકાશ આપે છે.

શ્રોતા બંને છે, બંનેય સંતનું પ્રવચન સાંભળે છે. પણ પહેલો સાંભળીને કશું જ પામતો નથી, કોરોધાક રહે છે; જિંદગીભર-જ્યારે બીજો પ્રવચનને પોતાના જીવનમાં ચરિતાર્થ કરે છે, અને અંતે તે પરમાત્મા બને છે.

શ્રવણ કરો તો શ્રમણ બનવા માટે કરજો, શ્રવણ નું સતત સ્મરણ કરજો. પ્રભુના સ્મરણમાં સ્વનું વિસ્મરણ એટલે જ ઉત્તમ મરણ, ભવનું મરણ.

# ૧૮. મન

વિજ્ઞાનયુગનો માનવી કમાલ છે! તે જગતની ગરમીથી બચવા પોતાના મકાનને એર-કન્ડીશન બનાવે છે. બહારનાં અવાજોથી દૂર રહેવા મકાનને સાઉન્ડ-પ્રૂફ બનાવે છે.

આવા એર-કન્ડીશન અને સાઉન્ડ-પ્રૂફવાળા મકાનમાં રહેતાં હું ઘણાંને ઓળખું છું, અને જોઉં છું કે એરકન્ડીશન રુપમાં પણ તેમને પરસેવો થાય છે. બેચેનીથી તેઓ રુમમાં આંટા મારે છે, પલંગમાં પડખાં ઘસે છે.

સાઉન્ડ-પ્રૂફવાળા રુમમાં પણ તે કંટાળે છે. તેમનાં હૈયાંને જંપ નથી.

આમ કેમ બને છે, એર-કન્ડીશન રુમમાં પણ માનવી ને કાયમ ઠંડક કેમ નથી મળતી? સાઉન્ડ-પ્રૂફ રુમમાં પણ તેના જીવને નિરવ શાંતિનો કેમ અનુભવ નથી થતો?

કારણ આજનો માનવી શીતળતા અને શાંતિ મકાનમાં શોધે છે, આ તેની પાયાની ભૂલ છે.

શીતળતા અને શાંતિ મકાનમાં નહિ મનમાં છે. મન અને મગજ સાથે તે સંલગ્ન છે.

પ્રથમ મનને એર-કન્ડીશન કરો. મનને સંસારની કામનાઓ અને વાસનાઓથી ઠંડુ કરો, અને તમે જ્યાં જશો ત્યાં બધે શીતળતા જ શીતળતા અનુભવશો.

પ્રથમ મગજને સાઉન્ડ-પ્રૂફ કરો. વિચારો અને વિકારોના અવાજને મગજમાં ઘૂસવા જ ન દો, મોહના બૂમરાણને મગજમાં દાખલ જ ન થવા દો. દુન્યવી અવાજોને એક વાર મગજમાં આવતાં બંધ કરી દો અને તમે ભારે ઘોંઘાટમાં પણ નિરવ શાંતિ માણી શકશો.

આથી જ કહેવાનું કે મકાનને નહિ મનને એરકન્ડીશન બનાવો, મગજને સાઉન્ડ-પ્રૂફ બનાવો.

## ૧૯. મકાન

જગતમાં મને એવું એક પણ નાનું કે મોટું મકાન બતાવો કે જે નકશા વિના બન્યું હોય?

આર્કીટેક્ટ કે એન્જીનીયર પ્રથમ પૂછે છે: મકાન બાંધવા પાછળ તમારે કેટલા રુપિયા ખર્ચવા છે?

મકાન બંધાવનાર આંકડો કહે છે. અને બીજા જવાબમાં તે પોતાના મકાનની કલ્પના જણાવે છે.

આર્કીટેક્ટ આર્થિક માળખામાં રહીને મકાનની બ્લૂપ્રિન્ટ (નકશો) બનાવે છે. એ નકશાના આધાર પર મિસ્ત્રી, સુતાર, મજૂર વગેરે કામ કરે છે.

માનવી જે મકાનમાં તેને સુખ અને આરામથી જીવવું છે તેનો નકશો પ્રથમ બનાવે છે. પરંતુ જે જીવન જીવવું છે તેનો તેની પાસે કોઈ નકશો જ નથી!!

સુખ મકાનમાં નથી. શાંતિ બંગલામાં નથી. સુખ અને શાંતિ છે જીવનની ગોઠવણીમાં. આનંદ હવેલીમાં નથી, હૃદયમાં છે.

જીવન પણ એક મકાન છે. મોટા ભાગના આ જીવતા મકાનો આજે બેઘાટ અને બેડોળ છે. આઉટ ઓફ ડેટ છે.

કારણ માનવીએ પોતે જીવવાનો કોઈ નકશો નથી બનાવ્યો. જીવન જીવીને પોતે ક્યાં પહોંચવું છે તેનું લક્ષ્ય નક્કી નથી કર્યું.

નકશા વિના મકાન નહિ.

લક્ષ્ય વિના જીવન નહિ.

જીવનની સુંદર ઈમારત ઊભી કરવી હોય તો જીવન જીવવાનો નકશો બનાવો, અને આ નકશો તમને શ્રમણ ભગવંત દોરી આપશે.

વીતરાગ ભગવંતનો આ સીધો પ્રતિનિધિ તમારા જીવનનો જે નકશો બનાવશે તેમાં સુખ જ હશે. શાંતિ જ હશે. કારણ--

શ્રમણ તો જીવન ઈમારતનો આર્કીટેક્ટ છે.

## ૨૦. ફળ

ફળ તો બંને છે, પણ એક કાચું છે; બીજું પાકું.

કાચું ફળ કઠણ છે. ખાતા દાંત તૂટે છે. તેનો રસ પણ ખાટો જ હોય છે. વળી આ બે વચ્ચે બીજો તફાવત એ છે કે કાચા ફળને તોડવું પડે છે.

જ્યારે પાકું ફળ આપોઆપ તૂટે છે. તેને તોડવું નથી પડતું. તેને ખાતા દાંત તૂટતા નથી. તેને ખાતાં મોં મીઠું બને છે.

દાનનું પણ એવું જ છે. દાન શરમથી અપાય છે, ભયથી અપાય છે, માગનાર પાસેથી છૂટકારો મેળવવાની વૃત્તિથી અપાય છે, ઉપકાર કરવાની કામનાથી અપાય છે, લાલચથી અપાય છે.

આ વૃત્તિ અને વિકારથી અપાયેલ દાન કાચા ફળ જેવું છે.

પરંતુ ક્યારેક દાન પ્રેમથી અપાય છે, માંગ્યા વિના સમજીને અપાય છે, મૂર્ચ્છાનો ત્યાગ કરવા અપાય છે, પોતાના પર જ ઉપકાર કરવા અપાય છે, સમવેદના અનુભવીને અપાય છે.

આ ભાવના અને વેદનાથી અપાતું દાન પાકા ફળ જેવું છે.

તમારે આત્માનંદનો રસ ચાખવો હોય તો વૃત્તિ અને વિકારથી નહિ, ભાવના અને વેદનાથી દાન કરો.

એથી ય આગળ વધીને કહું તો સકળ જીવસૃષ્ટિ પ્રત્યે આત્મભાવનું એવું તાદાત્મ્ય સાધો કે દાન આપો આપ જ થઈ જાય.

## ૨૧. મચ્છર

વરસાદ વરસી રહ્યો છે. રુમના બારી-બારણાં બધું બંધ છે. વધારામાં અંધારી રાત છે. બહાર પણ અંધારું છે. અંદર પણ અંધારું છે: છતાં ય પથારીમાં ઊંઘ નથી આવતી.

કોઈ રોગ નથી, કોઈ ઉદ્વેગ નથી, કોઈ ચિંતા નથી, શરીર સખત થાક્યું છે. છતાંય ઊંઘી શકાતું નથી. કારણ અંધારામાં મચ્છર ગણગણી રહ્યા છે. તે ડંખ દે છે. મચ્છર કરડવાથી ઊંઘ નથી આવતી.

લાઈટ કરી, લાઈટ સળગતી રહી ત્યાં સુધી મચ્છરો ગાયબ રહ્યા, એકાદ બે આમ તેમ ઘૂમતા હતા તેને હાથ વીંઝીને દૂર કર્યા. પણ અંધારાથી ટેવાયેલી ઊંઘને લાઈટમાં કેમ ઊંઘ આવે?

ત્યાં કોકે કહ્યું: ‘ધુપ કર, ધૂપથી મચ્છરો ઉડી જશે.’

લાઈટ મેં બંધ કરી, એક વાસણમાં સળગતો દેવતા રાખ્યો અને તેના પર ધૂપ ભભરાવ્યો, થોડી અગરબત્તી પણ પેટાવી.

ધૂમાડાના ગોટેગોટ નીકળતા રહ્યા, અંધારું જામતું ગયું. ક્યારે ઊંઘી ગયો તેની ખબર જ ન પડી. ધૂપ કર્યા પછી એક પણ મચ્છર ન કરડ્યો.

ભીતરના જીવનનું પણ એવું જ છે. અજ્ઞાનનું અંધારું છે ત્યાં સુધી વિકારોના મચ્છરોના ડંખ આત્માને લાગતા જ રહેવાના.

આ ડંખથી બચવાનો, મચ્છરોના ત્રાસથી ઉગરવાનો માત્ર એક જ ઉપાય છે: જ્ઞાનનો ધૂપ કરો અને વિકારો ગાયબ.

# ૨૨. પતંગ

પતંગમાં સ્વયં કોઈ જ તાકાત નથી. પવનના બળ વડે જ તે ઊંચે ઊડે છે. માત્ર પવનના બળથી ઊડતી પતંગ ઊંચે ઊજે છે પણ તે ગોઠીમડા ખાતી ખાતી, એ કટી-પતંગ કહેવાય છે.

પતંગ ઊંચે ને ઊંચે ઊડે છે દોરાની મદદથી, દોર જેટલો છોડવામાં આવે તેટલી તે ઊંચે ઊડે છે.

પતંગ ગોથું ખાય તો ઠમકા મારી તેને સ્થિર કરવામાં આવે છે, પતંગને ખૂબ ઊંચે સ્થિર રાખી પકડવામાં પતંગ ચગાવનારને મઝા આવે છે.

કાગળની પતંગ માટે આટલું સૂક્ષ્મ અને વૈજ્ઞાનિક ધ્યાન રાખનારો માનવી પોતાના જીવન પ્રત્યે કેમ બેધ્યાન બનતો હશે?

જીવન પણ પતંગ છે. અજ્ઞાનરુપી પવનના બળથી તેને જીવનપતંગ ઊડતી દેખાય છે પણ ગોઠીમડા ખાતી.

જીવનની પતંગને ભોગરુપી જેટલી દોરી છોડવામાં આવે તેટલું જીવન બેમર્યાદ થાય છે. માનવીની તૃષ્ણાનો પાર નથી. તૃષ્ણાની દોરનો કોઈ જ અંત નથી.

પતંગ સાનુકૂળ પવનમાં જ ઊડે છે. જીવનની પતંગનું તેવું નથી, તે સાનુકૂળ અને પ્રતિકૂળ બંને સંજોગોમાં ઊડે છે.

જીવનની પતંગને જેટલો ભોગરુપી દોર છોડશો તેટલી તે ઊડશે, પણ દરેક પતંગ કપાય છે તેમ જીવનની પતંગ પણ આયુષ્યકર્મ પૂરું થતાં એક દિવસ કપાય છે.

કાગળની પતંગ જમીન પર જ પાછી પટકાય છે. જીવનની પતંગ ધારો તો તેને ઊંચે ફેંકી શકાય છે.

આ માટે જરુર છે ભોગોને ખત્મ કરવાની, કામનાઓનો નાશ કરવાની અને સાધનાના દોરથી તેને ઊંચે લઈ જવાની.

તૃષ્ણાના દોરથી જીવનની પતંગ જમીન પર પટકાશે, તપના દોરથી જીવનની પતંગ સદાય આત્માના આકાશમાં ચગેલી રહેશે.

# ૨૩. તપ

જૈનધર્મમાં તપનું મોખરાનું સ્થાન છે. ભગવાન મહાવીરે સાડા બાર વર્ષ સુધી ઘોર તપ કર્યું હતું. આત્માના વિકાસ માટે તપ અનિવાર્ય અને આવશ્યક છે. તપથી આત્મા ઇલેસ્ટીક બને છે.

રબ્બર બધા જ ખેંચીને લાંબા પહોળા નથી કરી શકાતા. એ રબ્બર પરિપક્વ ન બને ત્યાં સુધી તેમાં ઇલેસ્ટીસીટી નથી આવતી. ઇલેસ્ટીક રબર બનાવવા માટે તેમાં જરુરી રસાયણ મિશ્ર કરવા પડે છે. તેમ કરવાથી રબ્બર ખેંચી શકાય છે, ફુલાવી શકાય છે.

આત્માના સાધક માટે આ સમજવા જેવું છે. મનને આત્મા સુધી લઈ જવું હશે તો એ મનને તપાવવું પડશે. તપથી મન હળવું બને છે.

આત્માને પામવાનું તપ કરવાથી એ તપ-એ સાધના સાધકને સાધ્ય સુધી પહોંચાડી દે છે.

આ તપ માત્ર શરીરને સૂકવવા નથી કરવાનું. આખો દિવસ ખાધું નહિ તેટલા માત્રથી ઉપવાસ થઈ જતો નથી.

આત્મામાં એટલા બધા એકલીન થઈ જવાનું છે કે ખાવાનું ભૂલી જવાય, પીવાનું ભૂલી જવાય, અરે! જગત આખું વિસરી જવાય. માત્ર એક જ સ્મૃતિ અને સંવેદન રહે કે હું આત્મા છું.

આત્માનુલક્ષી તપ મનના વિકારોને ખત્મ કરે છે અને મનને આત્માને અનુભવ કરાવે છે, આત્માનો સાક્ષાત્કાર કરાવે છે.

તપથી આત્માને પામવાનો છે, આત્મા આત્માને પામે છે ત્યારે તે પરમાત્મા બને છે.

# ૨૪. બંધ

નર્મદા નદી પર બંધ બાંધવાનાની વાતો કૈં કેટલાય વરસથી ચાલે છે. આ અગાઉ ભાખરા બંધ જેવા બીજા કેટલાય નાના મોટા બંધ બંધાયા છે.

નદીમાં પાણી છે, આ પાણી વેડફાય છે. વેડફાતા પાણીનો ઉપયોગ કરી લેવા, એ પાણીને યોગ્ય અને નિશ્ચિત માર્ગોએ વાળવા બંધ બંધાય છે; આ જ બંધમાં પાણીના ધોધથી વીજળી પણ પેદા કરાય છે.

આ માનવીની જ શોધ છે. પરંતુ એ જ માનવી પોતાની અંદર કેટલી તાકાત ભરી છે અને એ તાકાત કેટલી બધી વેડફાઈ રહી છે તેનાથી બેખબર છે.

તેની આંખો રુપ-સૌન્દર્ય પાછળ ભટકે છે. તેના કાન નિંદા-કુથલી માટે સરવા બને છે. તેની જીભ ભરેલા પેટે પણ ફરસાણ વગેરે માટે લલચાય છે. તેની ચામડી સુંવાળા સ્પર્શ ને ઝંખે છે.

આમાં નજર વેડફાય છે, શ્રવણ વેડફાય છે, સ્વાદ ખરડાય છે, સ્પર્શ પણ ખરડાય છે.

આ ભટકતી અને વેડફાતી ઇન્દ્રિયોની તાકાતને બાંધી લેવામાં આવે - આંખને આત્મામાં સ્થિર કરવામાં આવે, કાનને ધર્મવાણીમાં પરોવી રાખવામાં આવે-તો આ જ માનવભવને સમૃદ્ધ કરી દે. ઇન્દ્રિયોને બાંધી દેવાથી તે અકલ્પ્ય પરિણામો પ્રદાન કરી શકે.

આજે સૌથી વધુ જરુર છે ભટકતી વૃત્તિઓ અને વિચારોને, ફૂંફાડા મારતી વાસનાઓ અને કામનાઓને બાંધવાની.

જે પોતાને પોતાના આત્મામાં બદ્ધ કરે છે તે અવશ્ય મુક્તિ પામે છે.

# ૨૫. તોપ

માનવી આજે સાશક બની ગયો છે. તેમાંય તેને ધર્મગુરુઓ અને ધર્મશાસ્ત્રો વિષે પાર વિનાની શંકાઓ છે. આ શંકા સત્યની સુરંગ છે. સત્યને પામવા માટે જિજ્ઞાસા જોઈએ. આ જિજ્ઞાસા જેટલી તીવ્ર અને ઉત્કટ તેટલી તે આત્માની નજીક પહોંચાડે છે.

આ જિજ્ઞાસા દબાણનું -Pressureનું કામ કરે છે. વિજ્ઞાનયુગમાં આ જ પ્રેશરનું-દબાણનું ઘણું મહત્ત્વ છે. આત્મસાધક માટે તો આ દબાણ અનિવાર્ય છે.

તમે કદાચ તોપ જોઈ હશે, ન જોઈ હોય તો તેના વિષે સાંભળ્યું તો જરુર હશે. આ તોપમાંથી ગોળો છુટે છે, તે દૂર સુધી ફેંકાય છે.

શું તોપનો ગોળો સ્વયં દૂર ફેંકાય છે? ના, તોપમાં ગોળો કે દારુગોળો ભરી તેની પાછળ જરુરી આગ લગાડવામાં આવે છે. આ આગથી તોપની અંદરનો દારુગોળો ગેસ બને છે. આ ગેસ દબાણ કરે છે. ગોળાને અને ગોળો દબાણથી દૂર સુધી ફેંકાય છે.

ગેસનું દબાણ ન મળે ત્યાં સુધી ગોળો એક તસુ પણ ચસકી શકતો નથી.

મન પણ એક ગોળો છે. આ ગોળાને વિષય અને કષાયની શત્રુ છાવણીમાં ફેંકવાનો છે. આ માટે મન પર દબાણ લાવવું પડશે, જિજ્ઞાસાને પેટાવવી પડશે. જેટલા જોરથી જિજ્ઞાસા મમને ધક્કો આપશે તેટલા જોરથી તે આંતરિક શત્રુઓની છાવણીમાં જઈ ને દુશ્મનોને ખત્મ કરશે.

સ્વરાજ્ય, આત્માનું રાજ્ય ટકાવી રાખવું હશે તો કામ-ક્રોધ આદિ છ મહાશત્રુઓને ખત્મ કરવા પડશે. આ માટે મનના ગોળાને ભારે દબાણથી છેક તેમના પર ફેંકવો પડશે.

અને મનના ગોળાને ફેંકવા માટે આત્માને પામવાની જિજ્ઞાસા તીવ્રથી ય તીવ્ર, ઉત્કટમાં ઉત્કટ રાખવી પડશે.

# ૨૬. વીજળી

લોખંડના, તાંબાના તારમાં પ્રકાશ છે, અજવાળું છે. અંધકારને ભેદવાની તેનામાં તાકાત છે. આ તાંબાના તારને વૈજ્ઞાનિક સ્પર્શ આપવાથી તે વીજળી ઉત્પન્ન કરે છે. વીજળીઘરમાંથી આ તાર શહેરના અનેક ભાગોમાં, રસ્તાઓ પર, મકાનની ઉપર, મકાનની અંદર પ્રકાશ પાથરે છે. તારમાં રહેલો વીજળીનો કરન્ટ એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈને રોશની કરે છે.

સાધુઓ પણ હરતા ફરતા વીજળી-કરન્ટ જેવા છે. સંસારી તેમનાં સંપર્કમાં આવે છે તો તેમના સંગથી, તેમના સાન્નિધ્યથી સંસારીનું આત્મિક જીવન આલોકિત બને છે.

સાધુ સંસારીના જીવનનાં અંધકારને દૂર કરે છે. તેના અંધારા અંતરમાં આત્માનો પ્રકાશ પાથરે છે.

'લાઈટ' વિનાના ઘરમાં રહેવાનું આજે કોઈ જ પસંદ કરતું નથી. સૌને 'લાઈટ' જોઈએ છે. પ્રકાશ જોઈએ છે. અજવાળું

જોઈએ છે. જીવન વ્યવહાર ચલાવવા માટે 'લાઈટ' આજ જરુરી બની ગઈ છે. પણ આ 'લાઈટ' થી અંતરના અંધારા દૂર નહિ થાય.

અંધારાની ટેવ હશે તો અંધારામાં પણ સલામત ચાલી શકાશે. પરંતુ અંતરમાં અંધારું હશે, તો ભવોભવ ભટકવું પડશે, ગબડવું પડશે.

જો ઓરડામાં પ્રકાશ કરવા આપણે પ્રયત્ન કરીએ તો અંતરમાં પણ પ્રકાશ કરવાનો પ્રયત્ન કરવો જરુરી છે.

આ પ્રકાશ મેળવવા, આ વીજળી મેળવવા સાધુઓનો-સંતોનો અને શાસ્ત્રોનો સંગ કરો.

# ૨૭. અણુશક્તિ

કમાલ છે આજનો માનવી! તેને અણુમાં શ્રદ્ધા છે પણ આત્મામાં શ્રદ્ધા નથી.

અણુનો ઉપયોગ કરી તેને હાઈડ્રોજન અને નાઈટ્રોજન જેવા વિકરાળ સંહારક બોમ્બ બનાવ્યા. એક જડ અણુ અનેકની જિંદગી ખત્મ કરે છે. કૈંકની જિંદગીને જીવતાં મોત જેવી કરી મૂકે છે.

અણુ સંહારક છે જ્યારે આત્મા ઉદ્ધારક છે.

આત્માનાં અણુએ અણુમાં પ્રચંડ તાકાત ભરી છે, આત્મા અનંત વીર્યનો ધણી છે. તેની એક જ ફૂંક અનંતા જન્મોને માત્ર એક જ જન્મમાં કાયમ માટે ખત્મ કરવાની ક્ષમતા ધરાવે છે.

અણુની વિનાશક તાકાતનો માણસે અનુભવ કર્યો. તેનાં વિવિધ પરિણામ તેણે જોયાં, જાણ્યાં. જેની જરુર નથી તેની પાછળ આજનો માનવી જિંદગી ખુવાર કરી રહ્યો છે અને જેનાથી પોતાના ભવોભવનો અંત આવી જાય તેવી આત્મશક્તિની તે અવગણના કરી રહ્યો છે.

કમાલ છે આજનો માનવી!

આજે અણુધડાકાની નહિ પરંતુ આત્માના ધડાકાની જરુર છે.

આજે અણુશક્તિના વિકાસની નહિ, આત્મશક્તિના વિકાસની જરુર છે.

# ૨૮. દૂરબીન

મેં દૂરબીન પર આંખ માંડી. હજારો ફૂટ દૂર દૂરની વ્યક્તિઓ અને વસ્તુઓ એકદમ મારી નજર સમક્ષ દેખાઈ.

એ જ દૂરબીનને ઊંધુ કરીને તેના કાચમાંથી જોયું તો જે વ્યક્તિ અને વસ્તુ મારાથી માત્ર હાથવેંત જ આઘા હતા તે મને હજારો ફુટ દૂર દેખાયા.

એક વખત વ્યક્તિ અને વસ્તુ દૂર હતી, બીજી વખત વ્યક્તિ અને વસ્તુ પાસે હતી, પરંતુ દૂરબીનની બંને બાજુથી જોયું તો દૂરનું પાસે, અને પાસેનું દૂર દેખાયું. વાસ્તવમાં તે વ્યક્તિઓ અને વસ્તુઓ તો હતી ત્યાં ને ત્યાં જ - તેજ અંતરે હતી.

માનવી આજે દૂરબીનની નજરથી જુવે છે, દૂરબીન ની નજરથી જીવે છે.

પૈસામાં તે સુખ જુવે છે.

પ્રેમમાં તે આનંદ જુવે છે.

પ્રતિષ્ઠામાં તે સંતોષ જુવે છે.

હકીકતમાં ન પૈસામાં સુખ છે, ન પ્રેમમાં આનંદ. એ માત્ર દૃષ્ટિભેદ છે. સુખ પદાર્થમાં નથી. પદાર્થમાં એવી દૃષ્ટિથી જોવામાં આવે છે આથી તે જડ પદાર્થ કે જીવંત વ્યક્તિ સુખદાયી લાગે છે.

આથી તમે વસ્તુઓ પ્રત્યે જોવાની તમારી દૃષ્ટિ બદલી નાંખો.

એક વખત તમે દૃષ્ટિ બદલો, બાહ્યને બદલે ભીતર દૃષ્ટિ કરો; આત્માને જુવો, અને જીવનમાં તમને ક્યારેય દુ:ખની વેદના નહિ સતાવે.

# ૨૯. રડાર

યુદ્ધ-વિજ્ઞાને આજ ગજબની શોધો કરી છે. અનેક સંહારક શસ્ત્રો તેણે બનાવ્યા છે. સંહારક શસ્ત્રો ઉપરાંત આ વિજ્ઞાને દુશ્મનની માહિતી મેળવવા માટે ઉપયોગી પુરવાર થતાં યંત્રો પણ શોધ્યા છે.

રડાર એક એવું યંત્ર છે, આ યંત્રથી હજારો માઈલ દૂરથી આવતાં વિમાન વગેરે જોઈ શકાય છે. રડારમાં દુશ્મન વિમાનો દેખાતાં જ દળો સાબદાં બની જાય છે. રડાર તુરત જ આપોઆપ વિમાન-વિરોધી દળને ચેતવણી આપે છે: "સાવધાન! દુશ્મન વિમાનો આવી રહ્યા છે."

આત્મા પણ આજ ચારે બાજુથી દુશ્મનોથી ઘેરાયેલા છે. કષાયો અને વિષયો, કામનાઓ અને વાસનાઓનાં દળો આત્માને કચડી નાંખવા ધસમસી રહ્યાં છે.

"સાવધાન! ઓ દેવાનુપ્રિય, સાવધાન! તારો આત્મા ભયમાં છે, જાગ, વિષય અને કષાયના કટકો આત્મા ભયમાં છે, જાગ, વિષય અને કષાયના કટકો તને કચડી નાંખે તે પહેલાં તું તેને ખત્મ કર." - આવી ચેતવણી સાધુ-સંતો કે ગુરુઓ આપે છે. શાસ્ત્રો, ધર્મગ્રંથો પણ માણસને કર્મશત્રુઓથી સાવધાન કરે છે. સાધુઓ અને શાસ્ત્રો તો જીવતાં રડાર છે. દુશ્મનોના હાથે ભૂંડા હાલે પરાજીત ન થવું હોય તો આ જીવતાં રડારનો સદાય ઉપયોગ કરો.

સાધુનો સહવાસ કરો.

શાસ્ત્રોનો અભ્યાસ કરો.

# ૩૦. સિગ્નલ

રેલ્વેના સાધનોનું પણ એક આગવું સૌન્દર્ય છે. તેનાં સાધનો પણ એક પ્રેરક ઉપદેશ આપી જાય છે.

સિગ્નલ એક એવું પ્રેરક સાધન છે. આત્મસાધક માટે તે એક પ્રતીક છે. સિગ્નલ બે ક્રિયા કરે છે. એક ગાડીને રોકવાનું, બીજી ગાડીને પસાર થવા દેવાનું. સિગ્નલ પડે છે તો ધસમસતી ગાડી તે જ ગતિએ ચાલી જાય છે. સિગ્નલ નથી મળતું તો ગાડી થંભી જાય છે, પણ એન્જીન ઉપરાઉપરી ચીસો પાડે છે.

વિષય અને કષાયની ગાડીઓ અંતરના પાટા પર ચીસાચીસ કરતી પૂરવેગે દોડે છે. નાની-મોટી અનેક હોનારત તે સર્જે છે. પરંતુ તે તરફ આપણું ધ્યાન નથી. કદાચ એ કારણ હશે કે એ હોનારતમાં જે ખુવારી અને નુકશાન થાય છે તે આપણને દેખાતું નથી.

પણ તેથી શું? નરી આંખે ન દેખાય પણ એક દિવસ તો તે ખરાબ રીતે અનુભવવું પડે છે. વિષય અને કષાયના મારથી કણસવું પડે છે તે કેમ ભૂલી જવાય? આથી જ આ વિષય અને કષાયની બેફામ દોડને નાથવા જાગૃતિરુપી સિગ્નલની જરુર છે.

આત્માની જાગૃતિ હશે તો વિષય અને કષાય કશા જ અકસ્માત નહિ સર્જે.

આ ઉપરાંત સિગ્નલ બીજો પણ એક મહત્ત્વનો સંદેશ આપે છે: નમશો તો આત્મવિકાસની ગતિ ચાલુ રહેશે. અક્કડ રહેશો, અહંકારમાં જીવશો તો આત્માનો વિકાસ સ્થગિત થઈ જશે.

# ૩૧. ગાંઠ

તેની ઉંમર દસેક વરસની હશે. લાંબા પગ કરીને તે બેઠી હતી. તેના ખોળામાં કપડાનો એક નાનકડો ટૂકડો હતો. શિક્ષકે આજે સવારે તેને રુમાલ સીવતા શીખવાડયું હતું. એ બેબી બપોરના રુમાલ ઓટવા બેઠી હતી. તેના ખોળામાં કાપડનો નાનકડો ટૂકડો હતો, એક હાથમાં સોય હતી અને બીજા હાથમાં દોરો હતો. તે સોયમાં દોરો પરોવી રહી હતી.

એક વખત દોરો સોયમાં પરોવાયો તો ખરો પરંતુ સહેજ વધુ ખેંચાતા તે બહાર નીકળી ગયો.

બેબીએ ફરીથી મહેનત કરી. આ વખતે તેણે દોરાના એક છેડે ગાંઠ મારી. દોરો સોયમાં પરોવાઈ ગયા બાદ તેણે દોરાને ખેંચી જોયો.

તેના ચહેરા પર સફળતાનું હળવું સ્મિત રેલાઈ ગયું. દોરો ગાંઠ આગળ અટકી ગયો.

આત્મવિકાસ માટે ગાંઠ સાધક છે, બાધક પણ છે. જે સાધક મનની મક્કમ ગાંઠ વાળીને ઇન્દ્રિયજન્ય સુખોથી પર થઈ જાય છે તેનો આત્મા સંસારની પાર નીકળી જાય છે. એ જ માનવી વિકારોની અને વાસનાની ગાંઠોથી બંધાતો જાય તો તે સંસારમાં જ અટકી જાય છે.

# ૩૨. રાષ્ટ્રધ્વજ

રાષ્ટ્પતિ ખંડની વિશાળ બારીના મોટા પડદાએ બહાર નજર કરી તો તેનો શ્વાસ ઘડીક થંભી ગયો. એ દૃશ્ય જોઈ તેના હૈયે બળતરા થવા માંડી. તેની આંખો ગુસ્સાથી લાલચોળ થઈ ગઈ.

તેણે જોયું; મેદાનની વચ્ચોવચ્ચ એક થાંભલા પર એક કપડું હવામાં ફરકી રહ્યું છે. મેદાનમાં હજારો લોકો ભેગા થયાં છે અને તેઓ એ કપડા તરફ જોઈ તેને સલામ કરી રહ્યા છે.

પડદાનું મન બંડ પોકારી ઊઠ્યું: "બે હાથ જેટલા પડદાનું આવું સન્માન? શું બળ્યું છે એનામાં આટલું બધું તે બધા તેને

સલામ ભરે છે? એ ટૂકડા કરતાં તો મારું રુપ જાજરમાન છે. ભારતના સર્વોચ્ચ નેતાના મહત્ત્વના ખંડમાં મારું સ્થાન છે. એરકન્ડીશનની મને સુવિધા છે. મોટા મોટા માંધાતાઓ રોજ મારે ત્યાં આવે છે. આવડો મોટો હું છતાંય આ પતાકડીનું આટલું બધું ગૌરવ?"

પડદો ધૂં આફૂં આ થઈ ગયો. તે લગભગ રડવા જેવો થઈ ગયો. પોતાની આવી ઉપેક્ષા તેનાથી સહન ન થઈ શકી.

'બેહતર છે આના કરતાં તો આપઘાત કરવો સારો.' એમ હતાશ થઈ તે બારીમાંથી કૂદી પડવા તૈયાર થઈ ગયો.

ત્યાં જ તેનો ખભો પકડી એરકન્ડીશનની ઠંડી હવાએ કહ્યું: "ભાઈ! આમ ઉતાવળો થા મા. તું જેને પતાકડી કહે છે તે પતાકડી નથી. એ રાષ્ટ્રધ્વજ છે. એ હમેશા ઊંચે કાઠી પર જીવે છે. દિવસ હોય કે રાત, તડકો હોય કે વરસાદ, આંધિ હોય કે શાંતિ, પ્રતિકૂળતા હોય કે અનુકૂળતા બધા સંજોગોમાં તે સદાય હસતો ને હસતો રહે છે. તે નથી ફરીયાદ કરતો, સલામ કરે તોય તે ફુલાઈ નથી જતો, તે સદાય સહન કરે છે અને હજારોને રાષ્ટ્ર માટે કુરબાન થઈ જવા પ્રેરણા આપે છે. રાષ્ટ્રધ્વજ સહન કરે છે અને પ્રેરણા આપે છે આથી જ રાષ્ટ્ર તેનું સન્માન કરે છે. જ્યારે તું?"

ઠંડી હવાનો એક એક શબ્દ પડદાના હૈયા સોંસરો ઉતરી ગયો. તેને સમજાયું કે સન્માન તો સહનશીલતાના હોય, સમર્પણના હોય. સંપત્તિમાં જીવે તેના નહિ.

# ૩૩. ઝેર

એની ગંધથી મને ચક્કર આવવા માંડ્યા. મારો શ્વાસ રુંધાવા લાગ્યો. મને લાગ્યું કે હું હમણાં મરી જઈશ. મરી નહિ જઉં તો બેભાન તો જરુર થઈ જઈશ.

એ ગંધ કાતિલ ઝેરની હતી.

'ગભરાશો નહિ, હમણાં આ જ ઝેરથી તમે ફરી વધુ સ્વસ્થ બની જશો.' વૈજ્ઞાનિકે મને આશ્વાસન આપ્યું.

ઘેન ભરી આંખે મેં જોયું. તેણે એ કાતીલ ઝેરને બીજા દ્રવ્યો સાથે મેળવ્યું, તેમાં રંગીન પ્રવાહી રેડ્યું, જોરથી એ મીશ્રણ હલાવ્યું.

'લો, આ પી જાવ.' વિજ્ઞાનીએ હસતાં હસતાં કહ્યું.

હું જાણતો હતો કે એ મીશ્રણમાં, મને બેભાન કરી મૂકનાર પેલું ઝેર છે. છતાંય ગટગટાવી ગયો.

બે જ સેકન્ડમાં મારી આંખો પુન: જવાન બની ગઈ. મને ખૂબ જ સ્ફુર્તિ અને તાઝગીનો અનુભવ થયો.

આ અનુભવથી હું કહી શકું છું કે:--

રાગ ઝેર છે. પણ--વીતરાગ પરનો રાગ એક અમૃત છે.

# ૩૪. રોગ

જેવો રોગ તેવી દવા, જેવી દવા તેવું પથ્ય. જેટલો જુનો રોગ તેટલો વધુ સમય દવાનો ઉપયોગ. અને તેવું જ આકરું પથ્યપાલન.

જીવમાત્ર ભવરોગથી પીડાઈ રહ્યો છે. આજના શ્રીમંતની જેમ દરેક માનવી અનેક રોગોથી ઘેરાઈ ગયો છે.

તેને ક્રોધનો રોગ છે.

તેને માનનો રોગ છે.

તેને માયાનો રોગ છે.

તેને લોભનો રોગ છે.

તેને વિષયનો વ્યાધિ છે.

આ રોગો રોગમાં નથી ગણાતા, માનવીનું આ તે કેવું ઘોર અજ્ઞાન?

જીવને ભયાનક ભવરોગ લાગુ પાડનાર આ રોગો છે; વિષય-કષાયથી ચેપ પામેલા આ મહારોગ છે.

ભવરોગ છે, ન માલુમ કેટલાય યુગોથી આ રોગમાં જીવ સબડી રહ્યો છે. સડી રહ્યો છે. એને મટાડવા માટે રોજ સવારે અને સાંજે પ્રતિક્રમણ કરવું પડશે. રોજ સવારે વ્યાખ્યાન સાંભળી મનોભાવનું ચેકીંગ કરાવવું પડશે. વિશુદ્ધ ભાવથી રોજ એક સામાયિક કરવું પડશે.

આ સાથે અનર્થ વિચારવાનું બંધ, અનર્થ કરવાનું બંધ.

ધીરજ ધરશો તો જરુર ભવરોગ ઘટશે, ભવ સુધરશે અને સુધરતાં પછી બાર તિથિએ તપ કરવો પડશે, પર્વના દિવસોમાં તપ અને ત્યાગ બંને કરવા પડશે.

"અને ભવરોગ સંપૂર્ણ મટાડવો હોય તો?" કોઈએ પૂછ્યું. "તો સંસારનો સંપૂર્ણ ત્યાગ કરવો પડશે."

## ૩૫. દીવાલ

ચાર દીવાલોની કોઈ શોભા નથી, શોભા છે આ ચાર દીવાલોના ખંડની સજાવટમાં.

માત્ર ચાર દીવાલ ખંડેર છે--પણ એ જ દીવાલો પર છત હોય, એ છતમાં રંગબેરંગી ટ્યુબ-લાઈટ હોય, દીવાલ પર આકર્ષક; નયનરમ્ય કેલેન્ડર કે બીજાં કોઈ ચિત્રો હોય, દીવાલની બારીઓ પર ભરત ગૂંથેલા કલાત્મક પડદા હોયઅને એ ખંડમાં સોફા, ખુરશી, ટેબલ વગેરે ફર્નીચર હોય--એવા સાધન સંપન્ન ખંડમાં તમે બેઠા હો તો તમને લાગે કે તમે ઘરમાં બેઠા છો, બ્લોકમાં છો. અને એવા બ્લોકમાં બીજાને આવવું પણ ગમે.

તમારા જીવનને પણ આવો સરસ મજાનો બ્લોક બનાવવો હોય તો યાદ રાખો:

માત્ર શ્વાસ એ જીવન નથી. હાથ-પગ, આંખ-કાન, જીભ-નાક, મોં-માથું એ તો અંગ-ઉપાંગો છે; જીવન નથી.

જીવન છે પ્રાણને પરમાત્મામાં સ્થિર કરવામાં.

જીવન છે હાથ હૃદયને સોંપી દેવામાં.

જીવન છે પગને પરમેશ્વરમાં નમાવવામાં.

જીવન છે આંખને આત્મામાં સ્થિર કરવામાં.

ટૂંકમાં દેહમાં દેવાધિદેવનું સાતત્ય છે તો જીવન છે. અને એવા જ જીવનને સૌ નમસ્કાર કરે છે.

## ૩૬. સાધુ

સંસાર સંગ્રામ છે, જીવ અહીં સતત સંઘર્ષમાં જીવે છે, પળેપળ તે ભયમાં છે. સંસારની રણભૂમિમાં સાધુ રડારનું કામ કરે છે. આત્માની સરહદ પર દોડી આવતાં કર્મશત્રુઓના ધાડાંને તે ઓળખી કાઢે છે.

જીવને, માનવીને સાધુ આવી રહેલાં દુશ્મનોની ખબર કરે છે. સાવધ થવાનાં તે ભયચિહ્નો આપે છે.

"વ્યાખ્યાનમાં અને તે સિવાય પણ તમે શ્રીમંતોને પ્રથમ પસંદગી કેમ આપો છો?" એક જિજ્ઞાસુ ભક્તે મને પૂછ્યું.

મેં તુરત જ સામું પૂછ્યું: "હોસ્પીટલમાં દરદીઓની કતાર લાગી હોય તો બહુ ધ્યાનથી ડૉક્ટર કોને તપાસે છે?"

"ગંભીર રોગના દરદીને." જિજ્ઞાસુએ જવાબ આપ્યો.

"તો આ શ્રીમંતો પણ ગંભીર દરદીઓ છે, તેમને ભયાનક ભવરોગ લાગુ પડ્યો છે, એટલું જ નહિ તેઓ અનેક રોગથી ઘેરાયેલા છે. તેમનો છુટકારો સરળતાથી કરવા માટે તેમની સારવાર જલ્દી કરવી જરુરી છે જેથી તેમનું જીવન અને મરણ બંને સુધરે."

જિજ્ઞાસુ ભક્તને શ્રીમંતોની પ્રથમ પસંદગી અંગે વધુ સમજ આપતાં મેં કહ્યું: "અમે સાધુઓ તો કમ્પાઉન્ડરો છીએ, આચાર્યો ફીઝીશ્યન-સર્જન છે અને તીર્થંકરો છે ફોરેન-રીટર્ન એમ.ડી. જેવા નિષ્ણાત ડૉક્ટરો. અમે કમ્પાઉન્ડરો તો એ સર્જન અને નિષ્ણાતોની સૂચના મુજબ સારવાર કરીએ છીએ."

## ૩૭. મન

વરસાદ ધીમો વરસે કે ધોધમાર વરસે, પણ એ પહાડ ઉપર પણ વરસે છે અને ધરતી ઉપર પણ વરસે છે. મેં પહાડ ઉપર વરસતો વરસાદ પણ જોયો છે અને ધરતી પર પડતો પણ.

વરસાદ બંધ રહી ગયા પછી હું પહાડ પર ચડ્યો. પહાડ ત્યારે થોડો થોડો ભીનો હતો. પહાડ પરથી નીચે ઉતર્યો. તળેટી પાસેથી હું પસાર થઈ રહ્યો હતો ત્યાં મારી નજર એક ખાડા પર ગઈ. જોયું તો ખાડો ભરેલો હતો: "આમ કેમ? વરસાદ તો પહાડ ઉપર પણ પડ્યો હતો અને તળેટીમાં પણ પડ્યો હતો. છતાં ય પહાડ માત્ર ભીનો જ કેમ? અને ખાડો છલોછલ ભરેલો કેમ?"

પ્રશ્નખોર મારા મને એક સામટા પ્રશ્નો કર્યા.

મારા પગ ચાલતા રહ્યા, સાથે સાથે પ્રશ્નો પણ ચાલતા રહ્યા. ‘આમ કેમ?’ જેવા પ્રશ્નો જવાબ માંગી રહ્યા હતા.

ત્યાં રસ્તા પરની એક વૃક્ષની ડાળીએ મારા કાનમાં કહ્યું: પહાડ અક્કડ છે આથી ભીનો રહ્યો, અને ખાડો ઝુકી ગયો આથી ભરાઈ ગયો.

બસ ત્યારથી મને મનનું રહસ્ય સમજાઈ ગયું છે.

મનને નમ્ર કરો, નમન કરો અને તમારું અંતર આત્માથી સભર બની જશે.

## ૩૮. નમન

"તું જો ધર્મધ્યાન કશું નહિ કરે તો દુર્ગતિમાં જઈશ. મળેલો મોંઘો માનવભવ હારી જઈશ અને તારાં પાપકર્મથી તું

નરકમાં જઈશ." અને તેણે ભયથી ભગવાનને નમસ્કાર કર્યો.

"તારે સુખ જોઈએ છે ને? દેવતાઓ ભોગવે છે તેવું અઢળક સુખને? તો આજથી જ તું ધર્મ કર, ધર્મ કરવાથી તને સ્વર્ગનું સુખ મળશે." અને તેણે લાલચથી ભગવાનને વંદના કરી.

"પુણ્ય પણ બંધન છે. તે સોનાનું પિંજરું છે. આત્મા તો કશાય બંધન વિનાનો હોવો જોઈએ. ના, મારે સ્વર્ગ પણ ન જોઈએ અને આ માનવભવ પણ ફરી ન જોઈએ. મારે તો જોઈએ મુક્તિ. જન્મ-મરણના બંધનમાંથી આઝાદી."

એક દિવસ તેને આ વાત સમજાઈ, અને તેણે પરમાત્માના ચરણે સમગ્ર જીવન અર્પી દીધું. ભગવાનને તેણે પ્રેમથી અને ઉલ્લાસથી વંદના કરી.

શાસ્ત્રો સાક્ષી પૂરે છે કે પ્રેમથી પરમાત્માને જે પ્રણમે છે, પૂજે છે તે ખુદ પરમાત્મા બને છે.

આથી જ કહેવાનું કે--

ન ભયથી નમો, ન લોભથી નમો; નમો તો પ્રેમથી નમો.

# ૩૯. ચાવી

"રહેવા દે, તારો ગંદો હાથ મને ન અડાડીશ."

તિજોરીના ખાનામાં બેઠેલા નાણાં અને ઝવેરાતના આ ઊંચા અવાજથી ચાવી ઘડીભર થંભી ગઈ. થોડી વાર રહી ખોંખારો ખાઈને તે બોલી:

"અરે! મારા ભાઈ! આટલું ગુમાન ન રાખ, મારો સ્પર્શ થાય છે ત્યારે તો તું રુવાબ છાંટી શકે છે."

ચાવી અને ઝવેરાતની રકઝક સાંભળી તિજોરી બોલી ઊઠી: "તમે બંને નાહક ઝઘડો છો. હું જ જો ન હોઉં તો? નાણાં-ઝવેરાતને મારા ખોળે ન સાચવું તો? અને ચાવી બેન! તમારો અત્યાચાર હું પ્રેમથી ન સહું તો?"

"ઊભા રહો, ઊભા રહો, તમે બધા જ ખોટી માથાઝીક કરી રહ્યા છો." તિજોરીના માલિકે આ ઝઘડો સાંભળીને કહ્યું. "તમારા ત્રણેયનો માલિક હું છું. તમને ત્રણેયને જન્મ મેં આપ્યો છે. મહત્ત્વ મારું છે, તમારું નહિ, સમજ્યા?"

"જુઠ ના બક, ઓ માલિક! એ ત્રણેયને તેં જન્મ નથી આપ્યો. એમની જનેતા તો હું છું."

માલિકની બુદ્ધિએ ત્રણેયને ખસેડીને ઝઘડામાં ઝુકાવ્યું.

ત્યાં આ બધાં જ-તિજોરી, નાણાં અને ઝવેરાત, ચાવી અને બુદ્ધિ-એક ખડખડાટ હાસ્યથી ચમકી ઊઠ્યા.

એ નવાગંતુકે પોતાનું હસવું માંડ રોકીને કહ્યું: "લો, હું આ ચાલ્યો. તમે તમારે હવે ઝઘડે રાખો."

એ ગયો અને માલિક ધબ દઈને ભોંય પર પછડાયો. તેનું લોહી થંભી ગયું અને આંખોના ડોળા બહાર નીકળી આવ્યા.

એ જનાર આત્મા હતો.

કેવી કરુણતા છે! જગતના માનવીઓ પોતાના પ્રાણાધારને વિસરી ન જાણે કેવી કેવી બડાઈ હાંકે છે!

આથી જ કહેવાનું કે - આત્મા ગયો તો બધું જ ગયું.

# ૪૦. ખણજ

મેં જોયું તો એનો પગ સૂઝી ગયો હતો. પીંડી પર નખના આડા-અવળા લાંબા નિશાન હતા. લોહી જામી ગયું હતું અને એક કાળું ધાબું દેખાતું હતું. "આ તને કેવી રીતે થયું ભાઈ!" મેં સહાનુભૂતિથી પૂછ્યું.

પગ બતાવી તેણે મને કહ્યું: "અહીં મને ગૂમડું થયું હતું. મટી જવાની તૈયારીમાં હતું. પણ ત્યાં મને ખૂબ જ ખણજ આવતી હતી. એવી જોરથી ખણજ ઉપડતી કે મારાથી રહેવાતું નહિ. ખણીશ તો ગૂમડું વધુ વકરશે એ હું જાણતો હતો, આથી મેં તેને પંપાળ્યું, હળવેથી નખ ન વાગે તે રીતે ખણજને ડામવાનો પ્રયત્ન કર્યો.

"એમ પંપાળતા હું ઊંઘી ગયો, પછી કંઈ ખબર નથી. જાગ્યો ત્યારે મને પગે સખ્ત પીડા થવા લાગી. ત્યાં મેં જોયું ત્યારે ખબર પડી કે મેં ઊંઘમાં ખૂબ જ ખણી નાંખ્યું છે."

મેં વચમાં જ પૂછ્યું: "ખણવાથી ગૂમડું વધુ વકરશે એવી ખબર હોવા છતાંય તેં ખણી નાંખ્યું?" તેણે શરમથી માથું નીચે નમાવી દીધું.

પરંતુ માનવીનું મન ભાગ્યે જ આવી શરમ અનુભવે છે. વાસના એક ખણજ છે. મન તેને પહેલાં હળવેથી પંપાળે છે. એ પંપાળવું અને પછી નખથી ખણવું ગમે છે અને એ ખણે છે.

ખણે છે અને વાસના વધુ વકરે છે. મન દુ:ખી દુ:ખી થઈ જાય છે. છતાંય તે કાં પંપાળે છે, કાં તેને ખણે છે.

ખણજ મટાડવા ખણવું બંધ કરો.

વાસનાનું પણ તેવું જ છે. વાસનાને પંપાળો તો વધશે.

ન તેને પંપાળો, ન તેને ખણો.

વાસના પર વિજય મેળવવો હોય તો તેને ખણો નહિ, હણો.

# ૪૧. કાંટો

રેડિયો આજ લગભગ દરેક જણની જરુરીયાત બની ગયો છે. ઘરની તે શોભા અને મોભો બંને છે. ભલે દરેકે દરેક ઘરમાં રેડિયો ન હોય પરંતુ રેડિયાને ન જોયો હોય તેવી ભાગ્યે જ કોઈ વ્યક્તિ હશે.

આ રેડિયો આત્મસાધનાનું પ્રતીક છે. રેડિયો વાગે છે, તેનાં પરથી વિવિધ કાર્યક્રમો રજૂ થાય છે. અવાજ તેમાંથી સંભળાય છે પણ તેનો બોલનાર કે ગાનાર દેખાતો નથી.

રેડિયામાં અનેક સેન્ટર હોય છે. આ સેન્ટર પકડવું પડે છે. તે માટે કાંટાને યોગ્ય સેન્ટર પર મૂકવો પડે છે. કાંટો સેન્ટરથી એક અર્ધો દોરો પણ આઘો હોય તો એ સેન્ટર પરથી રીલે થતો કાર્યક્રમ નથી સંભળાતો. ઉલ્ટું ઘણી વાર એવું બને છે કે બે સેન્ટરના કાર્યક્રમો એક સાથે રીલે થાય છે.

'બિનાકા' કે 'જયમાલા' નો કાર્યક્રમ સાંભળવા તમે કાંટાને બરાબર સેન્ટર પર ગોઠવો છો. પરંતુ આત્માના અવાજને સાંભળવા તમે તમારો મનનો કાંટો કદી સ્વ-સ્વભાવના કેન્દ્ર (સેન્ટર) પર મૂકો છો?

મનને આત્મામાં સ્થિર કરો, આત્માનું દિવ્ય સંગીત તમને સાંભળવા મળશે.

મનનો કાંટો જ્યાં સુધી આત્માના કેન્દ્ર પર બરાબર નહિ મૂકાય ત્યાં સુધી જીવનમાં વિષય અને કષાયનો ઘોંઘાટ જ સંભળાયા કરશે.

દેહ રેડિયો છે. ધ્યાન, યોગ, સમાધિ, સ્વાધ્યાય, વિષય અને કષાય તેનાં સેન્ટરો છે. મન કાંટો છે. આ કાંટો જ્યાં મૂકશો તેવો કાર્યક્રમ તે સેન્ટર પરથી રીલે થશે.

જીવન આખું ઝુમી ઊઠે એવો સંગીત કાર્યક્રમ સાંભળવો હોય તો મનના કાંટાને આત્માના કેન્દ્ર પર બરાબર મૂકો.

# ૪૨. ટ્રાંસફોર્મર

પાવરહાઉસમાં ટ્રાંસફોર્મરનું ઘણું મહત્ત્વ છે. આ ટ્રાંસફોર્મર હાઈ-વોલ્ટેજ કરન્ટને લૉ કરન્ટમાં ફેરવે છે. કરન્ટના પરાવર્તનને જનતા સુધી પહોંચાડવાનું કામ ટ્રાંસફોર્મરનું છે.

સાધુઓ આ ટ્રાંસફોર્મર જેવા છે. શાસ્ત્રો, ધર્મગ્રંથો અને જગતનું અધ્યયન કરી તેઓ તેમાંથી સરસ અને સરળ બોધનું ચયન કરે છે. શાસ્ત્રોની ગહન વાતોને તેઓ સરળ બનાવે છે.

સામાન્ય જન માટે તત્ત્વજ્ઞાનના ગ્રંથો અને શાસ્ત્રો હાઈ-વોલ્ટેજ જેવા છે. સાધુઓ તેનો અભ્યાસ કરીને એ ગ્રંથો અને શાસ્ત્રોને લૉ-વોલ્ટેજમાં ફેરવી નાંખીને શિષ્યો અને જિજ્ઞાસુઓને ઉપદેશ આપે છે.

સાધુરુપી ટ્રાંસફોર્મરમાંથી વહેતો સરળ ઉપદેશ અનેક સરળ જીવોના જીવનને અજવાળે છે, પ્રકાશે છે.

# ૪૩. તાર

વીજળીનો તાંબાનો એક તાર ખૂલ્લો પડ્યો છે. એવો જ બીજો એક તાર છે જેના પર રબ્બર ચઢાવેલું છે. જીવતા વીજળીના ખૂલ્લા તારને અડકવાનું કોઈ સાહસ નથી કરતું. કારણ એ ખૂલ્લા તારનો સ્પર્શ કરવામાં જીવનું જોખમ છે. તે તારથી Shock લાગે છે.

વીજળીનું કનેકશન ચાલુ હોય એવા એ જ તાર પર રબ્બર લગાડેલું હોય તો જરાય ગભરાટ વિના તેનો સ્પર્શ કરી શકાય છે. તેને હાથમાં પણ પકડી રાખી શકાય છે.

માનવીનું મન ખૂલ્લું હોય તો તે અનેક પ્રકારના શોક આપે છે. પરંતુ એ જ મન પર સત્સંગ ચઢેલો હોય તો તેનાં સંસર્ગમાં આવનાર હર કોઈ નિર્ભય રહી શકે છે.

માનવી જ્યારે વિનયી, વિવેકી અને વૈરાગી બને છે ત્યારે તેને સંસારના કોઈ શૉક નથી લાગતા.

સંસારના વિવિધ શૉકથી બચવું હોય તો મન પર વિવેક અને વૈરાગ્યનું રબ્બર ચઢાવી દો.

# ૪૪. સમાધિ

ઉદાસી, એકલતા, વિરહનો અજંપો, બેવફાઈ નો ડેખ, અપમાનની ઠેસ, અભાવની બળતરા, અતીતની કડવી સ્મૃતિ, વૈરની વૃત્તિ, વાસના અને લાલસા - આ બધા મનના આધિ છે.

તાવ, ઉધરસ, થાક, અનિદ્રા, શરદી, પેટનો દુ:ખાવો, લોહીનું દબાણ, ઘા, સનેપાત, પક્ષાઘાત, ક્ષય, લ્યુકેમિયા - આ બધા તનના વ્યાધિ છે.

વટ-વ્યવહાર, પ્રજા-ફાળો, ચૂંટણી-ફાળો, વ્યસન, ઇન્કમ-ટેક્ષ, સેલ-ટેક્ષ, વેલ્થ-ટેક્ષ, ગીફ્ટ-ટેક્ષ, ને નંબરના ચોપડાં, બેન્કોમાં ખાતા, લેવડ-દેવડની પાકી યાદ - આ બધી ધનની ઉપાધિ છે.

આધિ, વ્યાધિ અને ઉપાધિ એ ત્રણેયનું તરખટ એટલે જ સંસાર.

ત્રણેયની અસર એટલે સરવાળે એક જ જિંદગીનું ધીમું મોત.

અને આ ત્રણેયમાંથી મુક્તિનો ઉપાય પણ એક જ: સમાધિ. સમાધિ સાધો અને આધિ, વ્યાધિ તથા ઉપાધિ ગાયબ.

# ૪૫. કેન્દ્ર

મશીનમાં ફ્લાય-વ્હીલનું ઘણું જ મહત્ત્વનું સ્થાન છે. આ વ્હીલ મશીનની તાકાતનો સંગ્રહ કરે છે. આ વ્હીલ બરાબર કેન્દ્રમાં રહે છે. કેન્દ્રથી ન તો તે બહાર રહે છે, ન અંદર.

મશીન પર ભારે વજન આવી પડે છે ત્યારે મશીન આ ફ્લાય-વ્હીલની સંચિત શક્તિ લે છે. તેનાથી ઇલેક્ટ્રીક મોટર પર દબાણ નથી આવતું.

આ દેહ પણ એક જબરદસ્ત મશીન છે. આ દેહ ત્યાં સુધી જ બરાબર કામ આપે છે જ્યાં સુધી તેનામાં આત્મા હોય છે.

આજે તો માનવીની એવી અવદશા થઈ છે કે તે પોતાના આત્માના કેન્દ્રને છોડીને જીવી રહ્યો છે. પરિણામે તેની બધી જ શક્તિઓ વેડફાય છે.

માનવીનું ફ્લાય-વ્હીલ આત્મામાં કેન્દ્રસ્થ ન હોવાથી આ મશીન કોઈ જ નક્કર કામ નથી આપતું.

ભલા ભાઈ! મશીનમાંથી તારે ઊંચો માલ જોઈએ છે તો જરા તારું ફ્લાય-વ્હીલ બરાબર કેન્દ્રિત કર.

તન-મનને આત્મા સાથે જોડ અને પછી જો કે તારું મશીન તને કેવો ઊંચો માલ આપે છે!

# ૪૬. પાટા

માની લીધું કે તમે જીવનને રેલગાડી સમજી લીધી.

માની લીધું કે તમે તમારી જીવનગાડીનું સૂકાન ગુરુરુપી ગાર્ડને સોંપી દીધું.

આ સાથોસાથ એ તો યાદ રાખ્યું છે ને કે રેલગાડી પાટા પર ચાલે છે? સમાંતર પાટા પર ચાલે છે?

એ તો ખબર છે ને કે ડ્રાયવર ગમે તેટલો કુશળ હોય, ડ્રાયવરનાં સંકેત ગમે તેવા ચોક્કસ હોય પણ આ પાટા બરાબર ન હોય, ઢીલા હોય, ખસી ગયા હોય તો રેલવેનું એન્જિન, કે ડબ્બા કે પછી આખી ગાડી ઉથલી પડે છે?

જીવન ગાડીને પણ પાટા પર ચલાવવાની છે. આ પાટા જીવનની ગાડીને હંકારવા માટેની મર્યાદા છે. મર્યાદા બહાર જીવવાથી જીવનની ગાડી ઉથલી પડે છે.

જીવનની ગાડીને મુક્તિધામ પહોંચાડવી હોય તો વૃત્તિઓ અને વિકારોને મર્યાદામાં રાખો. વિષય અને કષાયે ક્યાંય ભાંગફોડ તો નથી કરીને તેની ચોકસાઈ કરો, અને ગુરુની આજ્ઞા પ્રમાણે જીવે જાવ.

# ૪૭. પંખો

પંખો ફુલસ્પીડમાં મૂક્યો છે, પણ હવા નથી આવતી કેમ? તેનાં પાંખિયા ઊંધા ફીટ થયા છે. ઊંધા પાંખિયાના કારણે તેની હવા ઉપર ફેંકાય છે.

પંખાનું કામ હવા આપવાનું છે એ ખરું, પરંતુ તેના પાંખિયા સીધા હશે તો સીધી હવા આવશે, ઊંધા હશે તો હવા ઊંધી વહી જશે. આમાં હવાનો કોઈ વાંક નથી. હવા તો છે ત્યાંની ત્યાં જ છે, પરંતુ પાંખિયા સીધા કે ઊંધા હોવાથી હવાનો સાનુકૂળ અને પ્રતિકૂળ અનુભવ થાય છે.

માનવમનનું પણ એવું જ છે. મન કુ-વિચારો કરે છે તો તેને જિંદગીનો કડવો અનુભવ થાય છે. તે સંકુચિત વિચારો કરે તો દુનિયા તેને સ્વાર્થી અને ખરાબ જણાય છે.

એ જ માનવી સુ-વિચારો કરે છે તો જિંદગી તેને જીવવા જેવી લાગે છે. ઉદારતાથી વિચારે છે તો તેને ચારે બાજુ પ્રેમ, ઉદારતા અને મૈત્રી અનુભવવા મળે છે.

આથી હે ભાઈ! તું તારી ભાવનાઓ બદલ. શુભ ભાવના ભાવ. મંગળ કામના કર અને જિંદગીનો તને કોઈ ઓર જ અનુભવ થશે!

# ૪૮. તાર

લાલ સાયકલ લઈને, ખાખી ગણવેશમાં ટપાલી તાર લઈને આવે છે.

'તુમ્હારા તાર આયા હૈ.' ટપાલી બૂમ મારે છે.

તાર એટલે જરુરનો તાકીદનો સંદેશો. એ તારમાં અશુભ સમાચાર પણ હોય અને શુભ સમાચાર પણ હોય. ખોલે ત્યારે ખબર પડે.

પરંતુ એક ક્ષણ માટે તો માનવીનું હૈયું ફફડી જ ઊઠે છે કે કંઈ અશુભ સમાચાર તો નહિ હોય ને? આથી જ તાર કવરમાં આપવામાં આવે છે.

ખૂલ્લા તારમાં ભય છે, ગભરાટ છે. નબળા મનના માનવી માટે હાર્ટફેલ થઈ જવાનો પણ સંભવ છે.

મન પણ તાર જેવું છે. ખૂલ્લું મન ભયજનક છે. તેને વ્રત રુપી કવરથી પેક કરવાની જરુર છે. મનને વ્રતમાં પૂરો, નિયમથી બાંધો.

# ૪૯. પંકચર

સાયકલ ગમે તેટલી સારી હોય, મોટર ભલે ફોરેનથી ઈમ્પોર્ટ કરી હોય, જહાજ ભલે રશિયા કે અમેરિકાએ ભેટ આપ્યું હોય, બસ ભલે માત્ર દેશના સાધનોથી બનાવી હોય પણ - સાયકલમાં પંકચર પડે, ટાયરમાંથી હવા નીકળી જાય, જહાજમાં કાણું પડે તો?

ન સાયકલ ચાલી શકે છે, ન બસ-મોટર દોડી શકે છે, ન જહાજ આગળ તરી શકે છે.

એક નાનું સરખું પંકચર કે કાણું આવા તોતીંગ સાધનોને પણ નાકામયાબ બનાવી દે છે.

તો શું જીવનમાં વિષય અને કષાયના કાણાં હોય તો એ શું નિર્ધારિત સ્થળે પહોંચી શકે ખરું?

જીવન નાજુક છે. ગમે તે પળે કામ, ક્રોધ વગેરેથી તેમાં પંકચર પડી જ જાય છે. પણ માનવીની આ તે કેવી મૂર્ખામી અને અજ્ઞાન? મોટરનાં પંકચરને તે તુરત સમારે છે. અને અનેક પંકચરોથી, વિષય-કષાયથી કાણાં બનેલાં જીવનને તે સમારતો જ નથી!

જીવનને તેજ દોડાવવું હોય તો તેમાં ક્યાંય પંકચર ન પડે તે માટે સાવધ રહો.

# ૫૦. આત્મા

"ક્યાં છે આત્મા? હોય તો અમને બતાવો." આવો પ્રશ્ન પૂછનારને આપણે સામો પ્રશ્ન પૂછીએ કે "વીજળીનો બલ્બ સળગે છે તો શું તેનો પ્રકાશ પકડીને તમે બતાવી શકશો? કે લો આ રહ્યો પ્રકાશ, જુઓ."

પવનનો અનુભવ થાય છે, પ્રકાશનો અનુભવ થાય છે, મીઠાશનો અનુભવ થાય છે. આથી જ પંખાને પવન કહેવાની, બલ્બને પ્રકાશ કહેવાની, બરફી-પેંડાને મીઠાશ કહેવાની ભૂલ નથી કરતા.

આત્મા અરુપી છે, તે અનુભવવા માટે છે. તે દેખાતો નથી. એમ તો વીજળીનો કરન્ટ પણ ક્યાં દેખાય છે? પણ એ કરન્ટને લીધે જ બલ્બ કે ટ્યુબ લાઈટ કે નાઈટ લેમ્પ સળગે છે.

આત્મા પણ દેહના અણુએ અણુમાં વ્યાપ્ત છે. પણ દેહને જ આપણે આત્મા માની લીધો છે. આથી આપણને આત્માનો અનુભવ નથી થતો. થાય છે દેહનાં દુ:ખ અને દેહનાં સુખનો અનુભવ.

અને દેહ નશ્વર છે: આથી ન માનવી સંપૂર્ણ સુખી છે, ન નિતાંતે દુ:ખી. સંપૂર્ણ અને શાશ્વત સુખ આત્મામાં જ છે, તેનો અનુભવ કરો.

# ૫૧. કાગળ

આપણે કાગળ લખીએ છીએ તો જેને કાગળ લખીએ છીએ તેનું નામ, સરનામું પૂરું અને બરાબર લખીએ છીએ.

પણ સરનામું ચોક્કસ લખવાથી પતી નથી જતું. યોગ્ય ટિકિટ પણ લગાડવી પડે છે અને તેને ટપાલપેટીમાં પણ નાંખવો પડે છે. તો જ એ પત્ર જેને લખાયો હોય છે તેને મળે છે.

જીવન પણ એક કાગળ છે. આ કાગળ પોસ્ટ કરવાનો છે. ક્યાં કરશો? સંયમના બોક્ષમાં.

પણ તે પહેલાં મુક્તિનું સરનામું બરાબર લખવું પડશે. નહિ તો કર્મરામ ટપાલી એ કાગળ ક્યાંક ભળતે સ્થાને જ આપી દેશે.

જીવનના કાગળ પર બરાબર મુક્તિનું સરનામું લખો અને તેના પર ગુરુ રુપી યોગ્ય ટિકિટ લગાડો. ગુરુની ટિકિટ તમારા જીવન કાગળ પર હશે તો તમારો કાગળ ગેરવલ્લે નહિ જાય તેની ખાતરી રાખજો.

# ૫૨. ગુલાબ

ગુલાબને કાંટા લાગ્યા છે, કમળને કાદવ ચોંટ્યો છે, ચંદનને સાપ વીંટળાયા છે, અને માનવ દુઃખથી ઘેરાયેલો છે.

માનવ દુઃખથી રડે છે, દુઃખ માટે ફરિયાદ કરે છે, દુઃખથી તે વિચલિત બની જાય છે.

પણ ગુલાબ કાંટા વચ્ચે ય હસે છે. કમળ કાદવ વચ્ચે પણ હરખાય છે. ચંદન સાપની ભીંસમાં પણ સ્મિત વેરે છે. આ ત્રણેય પ્રતિકૂળ સંજોગોમાં પણ સુવાસ રેલાવે છે. માનવી જ એક એવો છે જે દુઃખનાં રોદણાં રડે છે. દુઃખમાં પોતાનો સ્વ-સ્વભાવ ભૂલી જાય છે. અને પર-ભાવમાં જીવે છે.

ગુલાબ કહે છે: 'હું કાંટા પ્રત્યે ધ્યાન જ નથી આપતું. તમે બધા કહો છો કે મને કાંટા વળગેલા છે એટલે માની લઉં છું. મારું કામ સુવાસ રેલાવવાનું છે. અને એ સિવાય બીજા કશાયનું મને ભાન નથી.'

આથી જ માનવી ગુલાબને ચૂંટે છે, કાંટાને નહિ.

આથી જ માનવી કાદવ તો ચૂંથે છે, પણ ચૂંટે છે તો કમળ જ.

આથી જ માનવી સાપના ઝેરને ભેગું નથી કરતો, તે ચંદનના કાષ્ઠ જ એકઠાં કરે છે.

ફુલો સુવાસ રેલાવે છે. ફુલો સદાય પ્રસન્ન હોય છે. તેમના ચહેરા પર હમેશ સ્મિત હોય છે. માનવી પણ પોતે હર પળે પ્રસન્ન રહે, બીજાને પણ પ્રસન્ન રાખે.

ફુલો માનવીને કહે છે: તમે તમારા હૈયાને સંયમની સુવાસથી સભર રાખો.

ફુલો માનવીને કહે છે: તમારા જીવનમાં સુખ હોય કે દુઃખ, સદાય હસતા રહો. ન દુઃખોના રોદણાં રડો. ન સુખોનાં બણગાં ફૂંકો.

ફુલો કહે છે: અમે જાણીએ છીએ અમારે સાંજે મુરઝાઈ જવાનું છે. તમે પણ જાણો કે તમારે એક દિવસ મરી જવાનું છે. તો જીવનનાં અંતિમ શ્વાસ સુધી એવું જીવો કે મરો ત્યારે પણ તમારા જીવનથી સૌ મ્હેંકી ઊઠે.

# ૫૩. કોલસો

કોલસો કાળો છે, હીરો સફેદ.

કોલસો સળગે છે, હીરો સળગતો નથી પણ ઝગમગે છે.

કોલસામાં આગ છે, તે બળે છે, બીજાને પણ બાળે છે. હીરામાં ચમક છે, તે ચમકે છે, બીજાને તે દેદીપ્યમાન બનાવે છે. કોલસાની કિંમત કોડીની છે. હીરાની કિંમત હજારો-લાખોની છે.

કોલસાનું સ્થાન સગડી કે ભઠ્ઠીમાં છે. હીરાનું સ્થાન માથાના મુગટમાં કે ગળાના હારમાં છે, આંગળીની વીંટીમાં પણ તેનું સ્થાન છે.

કોલસામાં કાર્બન છે, હીરામાં પણ કાર્બન છે. બંને કાર્બન તત્વના બનેલા છે. પરંતુ બંનેના રુપ, રંગ અને આકારના કારણે બંનેના મોલ જુદા છે, બંનેના ઉપયોગ જુદા છે, બંનેનું ભિન્ન વ્યક્તિત્વ છે.

આ સંસારમાં સંત પણ છે અને શયતાન પણ છે. સજ્જન પણ છે અને દુર્જન પણ છે. સ્ત્રી હોય કે પુરુષ, શ્રીમંત હોય કે ગરીબ, નિર્બળ હોય કે બળવાન, રુપવાન હોય કે કુરુપ - બધાયમાં આત્મ તત્વ તો સમાન જ છે.

જીવનને કોયલા જેવું કાળું બનાવવું કે હીરા જેવું ચમકદાર, માનવભવને કોયલા જેવો સસ્તો બનાવવો કે હીરા જેવો મૂલ્યવાન બનાવવો તે આપણા પોતાના જ હાથમાં છે.

જીવનને કોલસા જેવું બનાવવું હોય તો કોઈની મદદ કે કોઈના માર્ગદર્શનની જરુર નથી. પણ હીરા જેવું જીવન જીવવા માટે સમ્યક્ માર્ગદર્શનની જરુર છે.

હીરાઘસુ હીરાને ઘસે છે ત્યારે તેનામાં ચમક આવે છે. બજારમાં તેના ભાવ બોલાય છે. જીવનને ગુરુના ચરણે સમર્પી દો, તમારા જીવનને તેમની પાસે કસાવો, તેમની પાસે આત્માની ચમક ઉઘડાવો.

આત્માને પ્રકાશવાન કરવા માટે આ જ એક ઉત્તમ માર્ગ છે. અને ગુરુ જ તેના ખરા ભોમીય છે.

# ૫૪. દેવતા

કોલસો કાળો છે તેથી તેની અવગણના ન કરશો. સાધક માટે તો એ સાધનાનું એક પ્રેરક પ્રતીક છે.

કોલસાને પોતાની કાળાશ નથી ગમતી. કાળું જીવન કોને ગમે? સૌને ઉજળું જીવન પસંદ છે. પરંતુ પસંદગી કરવા માત્રથી કંઈ જીવન તેજોમય નથી બની જતું. એ માટે ઉગ્ર સાધનામાં શેકાવું પડે છે.

કોલસો પોતાની કાળાશ મીટાવી દેવા શેકાય છે. પોતાના રોમેરોમને એ બાળે છે. આગના ખોળામાં એ પોતાનું જીવન મૂકે છે.

આ યજ્ઞમાં તેની કાળાશ દૂર થઈ જાય છે. જોવી ગમે તેવી જ્યોતલેખાઓ તેના અંગે અંગમાંથી ચમકે છે.

કોલસાનું સળગતું જીવન બીજાને હુંફ આપે છે, પ્રકાશ આપે છે. અને સ્વના જીવનને તે વિશુદ્ધ કરે છે. સાધનાની

આગમાં કોલસો એવા હસતા ચહેરે જીવે છે કે એ આગ તેની કાળાશને સંપૂર્ણ ખત્મ કરી નાંખે છે. થોડા સમય પહેલાં જે કાળો કોલસો હોય છે તે સફેદ બની જાય છે.

અનંતાભવોથી આત્મા પર લાગેલા કર્મોના કાળા થરોને બાળવામાં આવે તો જ આત્મા તેનું મૂળ સૌન્દર્ય પામી શકે.

આ માટે જરુર છે તપની, તપથી જીવનને સળગાવવું જોઈએ, જીવન જ્યારે તપથી તપી ઊઠે છે ત્યારે આત્મા વિશુદ્ધ બને છે.

તપના યજ્ઞમાં જીવનને હોમી દો, તપની પવિત્ર જ્વાળાઓમાં વાસનાઓ અને કામનાઓની કાળાશ બળીને ખાખ થઈ જશે, અને અંતે શુદ્ધાત્મા જ રહેશે.

યાદ રાખો: જ્યોત નથી તો પ્રકાશ નથી, તપ નથી તો જીવનની શુદ્ધિ નથી. આથી જ જીવનને તપમાં સતત તપાવો અને શુદ્ધ-બુદ્ધ આત્માને પામો.

# ૫૫. વિમાનનો કેપ્ટન

વિમાનનો કેપ્ટન માઈક પરથી સૂચના આપે છે: કોઈ પણ યાત્રી સીગરેટ ન પીએ - અને સીગરેટના તલબગારો પણ તેનું કહ્યું માની સીગરેટ પીવાનું બંધ કરે છે.

કેપ્ટન બીજી સૂચના આપે છે: દરેક યાત્રી સીટના પટ્ટા બાંધી લે - અને વિમાનમાં પ્રવાસ કરતો દરેક યાત્રી તેનાં હુકમનું પાલન કરે છે.

વિમાનનો કેપ્ટન યાત્રિકોનો માલિક નથી, તેમનો કોઈ સર્વસત્તાધિશ સમ્રાટ નથી. છતાંય દરેક યાત્રિક કેપ્ટનની સૂચનાનું તુરત જ પાલન કરે છે.

કારણ યાત્રિકને શ્રદ્ધા છે કે કેપ્ટન જે કહે છે તેમાં તેનું હિત છે અને તેનું કહ્યું માનવાથી પોતાને જ્યાં પહોંચવાનું છે ત્યાં સહીસલામત તે પહોંચાડી દેશે.

સફર વિદેશની હોય કે દેશના એક ગામમાંથી બીજા ગામની. મુસાફર નક્કી કરીને જ સફરે ઉપડે છે કે પોતાને અમુક ગામ કે શહેરમાં પહોંચવાનું છે. આ માટે તે બસ, ટ્રેન, વિમાન કે જહાજમાં પ્રવાસ કરે છે અને તે યાત્રાના નિયમોનું તેને પાલન કરવું પડે છે. અને તે શ્રદ્ધાથી નિયમ પાળે પણ છે.

આ જીવન પણ એક લાંબી સફર છે. કોઈ નિશ્ચિત મુકામે પહોંચવાનું નક્કી ન કર્યું હોવાથી આત્મા અનંતા ભવથી ગમે તેમ ગમે ત્યાં ભટકી રહ્યો છે.

આત્મા માટે સુખમય, શાંતિમય અને આનંદમય એક જ મંઝિલ છે. અને તે છે મોક્ષ.

સંયમરુપી વાહનમાં બેસવાથી આત્માને તે મોક્ષ સુધી પહોંચાડે છે. પણ આ માટે ય સંયમના નિયમોનું શ્રદ્ધાથી પાલન કરવાની જરુર તો છે જ.

તો પ્રથમ જીવનની મંઝિલ નક્કી કરો. અને એ મંઝિલની સફર આરંભો ત્યારે તેનાં નિયમો પાળવામાં સતત સાવધ અને સજાગ રહો.

# ૫૬. વિમાન

વિમાન ગગનમાં ઠેઠ ઊંચાઈ એ ઊડે છે. તેનું આ ઉન્નત ઉડ્ડયન એકાએક સિદ્ધ નથી થયેલું. જમીનથી ગગન સુધી પહોંચતા સુધી તે સાધનામાંથી પસાર થાય છે.

વિમાન રનવે ઉપર પ્રથમ દોડે છે. આ દોડ સહેતુક હોય છે. પંખાની મદદથી તે હવાને પાછળ ફેંકે છે. પાછળ ફેંકેલી હવાના 'પ્રેશર'થી તે ઊંચે ચડે છે.

વિમાન ઊપર ચડે છે ત્યારે વાદળાંને પાર કરીને ઉપર ચડતું તે પોતાની હવાઈપટ્ટીમાં આગળ ને આગળ પોતાના નિશ્ચિત સ્થાન તરફ ઊડતું રહે છે.

આ પ્રક્રિયામાંથી વિમાનને પસાર થવું જેટલું અનિવાર્ય છે તેટલું જ વિમાનની સાધન-સામગ્રી, તેનાં વિવિધ યંત્રો બરાબર હોય તે પણ અનિવાર્ય છે. વિમાનના એક પણ યંત્રમાં ખરાબી હોય તો તે કદાચ ઊડી શકે પરંતુ તેની સફર સહીસલામત જ રહેશે તેમ કહી શકાય નહિ.

મુક્તિની મંઝિલ પણ ઊંચે, અતિ ઊંચે, અનંત આકાશને પેલે પાર છે. ત્યાં પહોંચવા માટે સાધકે આ વિમાનની જેમ ઉડ્ડયન કરવાનું છે. સાધકે પણ આધ્યાત્મિક ગગનમાં ઉડવાનું છે.

જીવનના રનવે પર મનના પંખા જોરથી ઘુમાવી વિષય-કષાયરુપી હવાને બહાર છોડવાની છે. જીવનમાં વિવેક અને વૈરાગ્યનું પ્રેશર લાવવાનું છે.

વિવેક અને વૈરાગ્યનું પ્રેશર મળતાં જ આંતરિક જીવન ઊંચે ઊડવા લાગે છે. ઉડ્ડયનની વચમાં આવતાં પ્રલોભનો અને

અવરોધોમાંથી પાર થઈ ઊંચે ને ઊંચે સતત જતા જ રહેવાનું ચે. અને જે એટલી ઊંચાઈએ પહોંચે છે તેને મુક્તિનો ચોક્કસ માર્ગ આપોઆપ મળી જાય છે અને પછી તે સરળતાથી આ માર્ગે આગળ દોડે જાય છે.

પણ આ બધા પહેલાં જીવનની યંત્રસામગ્રીને બરાબર કરવાની અને રાખવાની જરુર છે. વિચાર, વાણી અને વર્તનને શુદ્ધ અને સબળ રાખવા પડશે. અંત:કરણને નિર્મળ અને નિર્વિકલ્પ બનાવવું પડશે.

અને જો અંત:કરણ જ મલિન અને દૂષિત હશે તો પછી રનવે ઉપર પણ નહિ દોડી શકાય.

# ૫૭. ભવસાગર

સાગર માણસને અને માલ-સામાનને પેલે પાર પણ લઈ જાય છે અને તે બંનેને ડુબાડી પણ દે છે. આનો આધાર માનવી કેવી રીતે સાગરનો ઉપયોગ કરે છે તેના પર છે.

માનવે એક લોખંડનું પતરું સાગરમાં ફેંક્યું. પણ તે ડૂબી ગયું.

બીજી વાર તેણે એ જ પતરાંને બીજાં અનેકવિધ પતરાં અને જરુરી સામગ્રી સાથે વેલ્ડીંગ કરીને સાગરની ગોદમાં મૂક્યું તો તે હંસગતિએ તરવા લાગ્યું.

આ શક્ય બન્યું એકત્વની પ્રાપ્તિથી. વેલ્ડીંગથી પતરાં સ્ટીમર બન્યાં. તે પોતે પણ તર્યાં અને બીજાને પણ તેણે તાર્યા.

વીતરાગ ભગવંતોએ આવું એકત્વ સિદ્ધ કર્યું છે. દરેકમાં તે પોતાનો આત્મા સંવેદે છે. આથી તે તરણતારક બન્યા છે.

ભવસાગરને પાર કરવા ઈચ્છતા મુમુક્ષુએ આવા તરણતારકનું શરણ સ્વીકારવું જોઈએ. વીતરાગનું શરણ સ્વીકારે છે તે કાળક્રમે આ ભવસાગર પાર કરે છે.

# ૫૮. મુક્તિનો કિનારો

વહાણની જેમ ચોક્કસતાથી ભવસાગરની ખેપ ખેડવી જોઈએ.

સાગરમાં વહાણ તરે છે. વહાણનો સઢ સીધો હોય તો વહાણ એક દિશામાં પ્રયાણ કરે છે. એ જ સઢ ઊંધો હોય તો તે ઉલ્ટી દિશામાં જાય છે.

વહાણમાં નાનું સરખું કાણું કે તિરાડ હોય તો તે વહાણ માટે જોખમકારક બની જાય છે. નાનું સરખું કાણું મોટા જહાજને પણ ડૂબાડી દે છે.

જીવનનું પણ તેવું જ છે. ખરાબ વિચારોથી જીવન ખરાબે ચડે છે. અને શુભ વિચારોથી તે સીધી ગતિએ ચાલે છે. શુભ અને મંગળ વિચારોથી તેની જીવનનાવ અધ્યાત્મ પંથ પર તેજ ગતિએ દોડે છે.

પણ આ સાથે જોઈ લેવું જરુરી છે કે જીવનમાં ક્યાંય વિષયનાં છિદ્ર કે કષાયની તિરાડ તો નથી ને?

સંયમથી સુદૃઢ એવા વૈરાગ્યની સઢથી જીવનનાવ મુક્તિના કિનારે લાંગરે છે.

# ૫૯. કારખાનું

જીવનને કારખાનું બનાવવું કે કાળખાનું તે સ્વયં માનવીના જ હાથની વાત છે. જો કે આમ તો માનવશરીર એક જીવંત, ધમધોકાર ધબકતું કારખાનું છે.

આજનો યુગ ઔદ્યોગિક છે. ઔદ્યોગિક યુગમાં કારખાનાનું ઘણું મહત્ત્વ છે. કારખાનામાં થતાં વિવિધ માલના ઉત્પાદનથી રાષ્ટ્રની આબાદી વધે છે. આ કારખાનું તેના માલિકને ધનવાન બનાવે છે તે જ રીતે તેમાં કામ કરતાં હજારો કામદારો અને મજૂરોને પણ રોજી આપે છે.

આ જ કારખાનાંમાં ઉત્પાદન બંધ થઈ જાય તો તે કાળખાનું બની રહે છે. હડતાળમાં માલિક અને મજૂરને તેમ જ રાષ્ટ્રને પણ નુકસાન થાય છે. ત્યારે આ જ કારખાનાં કાળખાનાં પણ બની રહે છે.

કોઈ શુભ કર્મનાં ઉદયથી આપણને પાંચ ઇન્દ્રિયોવાળું કારખાનું પ્રાપ્ત થયું છે. સૌભાગ્ય સમજવું જોઈએ કે પૂર્વકૃત પુણ્યથી આ કારખાનું આપણને અપ-ટુ-ડેટ મળ્યું છે.

હાથ, પગ, આંખ, કાન, નાક, જીભ અને મન રુપી સમૃદ્ધ યંત્રસામગ્રી મળી છે. કર્મેન્દ્રિય, જ્ઞાનેન્દ્રિય અને અંત:કરણના ત્રણ સુવ્યવસ્થિત કાર્યાલય પણ મળ્યા છે.

આવું સમૃદ્ધ કારખાનું વગર પાઘડીથી, ગુડવીલથી મળી જાય તેનું તો ભાગ્ય જ ઉઘડી જાય ને? પણ ઘણાંનું ભાગ્ય આવું સમૃદ્ધ કારખાનું પોતાને મળ્યું હોવા છતાં ય નથી ઉઘડ્યું.

કારખાનાનાં સંચા ટાઢાહીમ પડ્યા રહેવા દીધા છે. પડ્યા પડ્યા યંત્રો પણ કાટ ખાઈ જાય છે. ત્યારે એ કારખાનું કાટખાનું બની રહે છે. નથી તેમાં ઉત્પાદન થતું, નથી તેના માલિકને કંઈ રળી આપતું. ઉલ્ટું તેનું ભાડું ચડે છે તે વધારામાં.

હાથ મળ્યા છે પણ એ હાથથી દાન નથી કર્યું. એ હાથથી કોઈનાં આંસુ નથી લૂછ્યાં, એ હાથથી કોઈ પડેલાને ઊભા

નથી કર્યા, કે એ હાથથી કોઈની સેવા નથી કરી.

પગ મળ્યા છે પણ એ પગથી કોઈ તીર્થયાત્રા નથી કરી, ભગવાનના મંદિરે ગયા નથી, એ પગ ઉપર કોઈ નિરાધારનો ભાર ઉપાડ્યો નથી.

આંખ મળી છે. પણ આંખથી ન પ્રભુનાં દર્શન કર્યા છે, ન સંતના, કે ન સાધુનાં. એ આંખથી કોઈ શુભ કે મંગળ વાંચન પણ નથી કર્યું. આંખથી કોઈ પ્રત્યે પ્રેમ કે કરુણાભાવ પણ નથી બતાવ્યો.

કાન મળ્યા છે પણ એ કાનથી કોઈ દુ:ખી અને સંતપ્તની આપવીતી પણ નથી સાંભળી. ધર્મની વાણી પણ નથી સાંભળી. આફતમાં સપડાયેલાઓના બચાવો અને મદદના પોકારો પણ કાને નથી ધર્યા.

અંત:કરણ મળ્યું છે પણ એ અંતરથી કોઈનું હિત ચિંતવ્યું નથી. એ અંતરથી કોઈનાં સુખ જોઈ રાજીપો નથી અનુભવ્યો.

માનવશરીરનાં આ બધાં યંત્રો દ્વારા યમ, નિયમ, સંવેગ અને વૈરાગ્યનું ઉત્પાદન કરવાનું છે. કર્મેન્દ્રિયોથી સેવા અને સાધના કરવાના છે. જ્ઞાનેન્દ્રિયોથી ઉત્પન્ન થયેલ આધ્યાત્મિક ઉત્પાદનનું યોગ્ય વિતરણ કરવાનું છે. અને આ બધાની કુશળ વ્યવસ્થા અને દેખરેખ અંત:કરણે સદાય રાખવાની છે.

અંત:કરણ જેટલું અને જેવું અપ્રમત્ત, સજાગ અને સુવ્યવસ્થિત અને યોજનાવાન હશે તેવું આ કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો ઉત્પાદન કરશે.

આ જ ઇન્દ્રિયોથી જો વિષય અને કષાયોનું જ સંવર્ધન થતું રહેતું હોય તો માનજો કે તમારું કારખાનું કાટખાનું છે, કાળખાનું છે. તેને તમારે કારખાનું અને તે પણ નફો રળી આપતું કારખાનું રાખવું હોય તો ઇન્દ્રિયો દ્વારા ત્રણેય પાળી ચલાવીને તેમાંથી સતત મૈત્રી, પ્રમોદ, કરુણા, સંયમ અને વૈરાગ્ય વગેરેનું ઉત્પાદન થવા દો.

# ૬૦. ભોગી અને યોગી

પોલીસ અને ઇન્સ્પેક્ટર - આ બંને પોલીસદળના સભ્યો છે. પણ બંનેના પદ અને પગાર ભિન્ન છે. બંનેની જવાબદારી પણ અલગ અલગ છે.

સાધક માટે આ ભિન્નતામાં અધ્યાત્મ રહેલું છે. પોલીસની બુદ્ધિ જાડી છે. ઇન્સ્પેકટરની બુદ્ધિ તેજ અને સૂક્ષ્મ.

ભોગી જાડી બુદ્ધિથી જુવે છે. દેહ અને વસ્તુમાં તે સુખ શોધે છે. આ જાડી બુદ્ધિથી તે જીવતો હોવાથી તે સંયોગમાં આનંદ અને વિયોગમાં શોકની લાગણી અનુભવે છે.

પોલીસ માત્ર શાંતિ અને વ્યવસ્થા જાળવવાનું કામ યંત્રવત્ કરે છે. ઈન્સ્પેકટર તેમાં વધુ ઊંડો ઉતરે છે. શાંતિ ક્યાં જોખમાશે કે જોખમાઈ રહે છે તેને તે શોધે છે અને તેનો તે ઉપાય કરે છે.

સાધક સદાય પ્રસન્ન અને સ્વસ્થ હોય છે. કારણ તે સુખ-દુ:ખના નિમિત્તોને જાણે છે. સુખ કે દુ:ખ વસ્તુ કે વ્યક્તિમાં નથી, વિચારમાં છે એવું તે સમજે છે.

આથી જ ભોગીના હાસ્ય કરતા યોગીનું હાસ્ય વધુ આહ્લાદક અને પ્રેરક હોય છે.

# ૬૧. પોલીસ અને ગુરુ

પોલીસ પણ નાગરિક છે. બીજા જેવો જ તે સામાન્ય માણસ છે. ગણવેશ જોઈને આપણે કહીએ છીએ કે આ પોલીસ છે.

પોલીસ ગણવેશમાં હોય છે ત્યારે તે સત્તાનું પ્રતીક બની જાય છે. સામાન્ય માનવી, અરે! આ જ પોલીસ સાદા વેષમાં હોય તો તેને માત્ર પોતાનું જ પીઠબળ હોય છે. સ્વ-બચાવમાં પણ હાથ કે હથિયાર ઉગામતા તેને ભય લાગે છે કે રખેને કાયદાના હાથમાં પકડાઈ જઈશ તો?

પરંતુ ગણવેષધારી પોલીસને એવો ભય નથી હોતો. તેને શ્રદ્ધા હોય છે કે તે ફરજ માટે જે કંઈ પગલાં ભરે છે તેની પાછળ સત્તાનું પીઠબળ છે. સરકારનો ટેકો છે. આથી જ પોલીસના અવાજમાં સત્તાનો રણકો હોય છે.

પોલીસ સાથે કોઈ ગમે તેમ નથી વર્તી શકતું. તેનું અપમાન કરતાં સો ગળણે ગળીને પાણી પીવું પડે છે. કારણ તેનું અપમાન એ સત્તાનું અપમાન છે. સરકાર સામે એ બળવો છે.

પોલીસ કાયદો અને વ્યવસ્થાનું માધ્યમ છે. આથી જ તેની સીટીના અવાજથી ભલભલા પ્રધાનોને પણ પોતાની તેજ ગતિએ દોડતી મોટરને રોકવી પડે છે. પોલીસનો આ રુવાબ તેના પદને અને પોષાકને આભારી છે.

પોલીસ સત્તાનું પ્રતીક છે તો ગુરુ પરમાત્માનું પ્રતીક છે. ગુરુ પોતે કંઈ નથી બોલતાં. પરમાત્મા સ્વયં તેમના દ્વારા બોલે છે.

ગુરુ સંસારની શાંતિ અને વ્યવસ્થા જાળવવાનું કામ કરે છે. ગુરુના આદેશનું માન રાખી કે તેમની આજ્ઞાનું પાલન કરી જો માનવી વેગથી દોડતા મનના ઘોડાને અટકાવી દે તો માનવી મોટી હોનારતમાંથી બચી જાય છે.

ગુરુ પણ પરમાત્માની પ્રાપ્તિના માર્ગો બતાવે છે. 'થોભો' 'ધીમે જાવ' એવા સિગ્નલો આપી જીવનરુપી વાહનને અને

તેના ચાલક આત્માને યોગ્ય માર્ગદર્શન આપે છે.

ગુરુના ગુરુપદની પાછળ પરમાત્માની પ્રેરણા હોય છે. તેમના તેમને આશીર્વાદ હોય છે. ગુરુમાં પરમાત્મા જોઈ ને તેમનું જે શરણ સ્વીકારે છે તે શરણાગતને ક્યારેય અકસ્માત નડતો નથી.

# ૬૨. સાધના

સાધકોને ત્રણ પ્રકારનાં બતાવ્યા છે. ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ.

સાધકમાં પણ આવા ભેદભાવ કેમ? પણ આ ભેદભાવ સાધકના નથી. સાધનાની શક્તિ અને ગ્રાહકતાની તરતમતાનો આ અનુક્રમ બતાવે છે.

તમે પેટ્રોલ પમ્પ જોયો હશે. ત્યાં પેટ્રોલ તો હોય જ છે. ઘાસલેટનો ડબ્બો પણ હોય એમ માની લો.

હવે કહો, અચાનક આગ લાગે તો આગની ઝપટમાં સૌથી વધુ ઝડપી અને વધુ કોણ ઝડપાશે?

જવાબ જાહેર અને અનુભવ પ્રત્યક્ષ છે. આગ પેટ્રોલને પ્રથમ પકડમાં લેશે. પછી ઘાસલેટ અને છેલ્લે પમ્પના ફર્નિચર વગેરેને.

સાધુ-સંતો, જ્ઞાનીઓ અને ગુરુઓનો ઉપદેશ બધા માણસોને જલ્દી અને જલદ રીતે નથી સ્પર્શતો. જેનું અંતર આર્દ્ર હોય છે, જે પાપભીરુ હોય છે, જે પોતાના જીવનને વધુ મંગળમય બનાવવા તલસે છે તેવા ઉત્તમ સાધકને ઉપદેશની અસર ઝડપી થાય છે.

ઉત્તમ સાધક જ્ઞાનીઓ અને ગુરુઓના ઉપદેશને તરત ગ્રહણ કરે છે. ગુરુ આજ્ઞાને તે શિરોધાર્ય કરે છે અને તે પ્રમાણે તે જીવવા લાગે છે.

બીજા પ્રકારનાં માણસોને ધર્મ પ્રત્યે રુચિ હોય છે. ગુરુ પ્રત્યે આદર અને શ્રદ્ધા હોય છે, પરંતુ તેમનું મન ડામાડોળ હોય છે. ઘડી તે વાસના પાછળ દોડે છે, ઘડીક સાધના તરફ. આ ખેંચતાણમાં ગુરુનો ઉપદેશ તેને ઓછો કે મોડેથી અસર કરે છે.

જ્યારે કેટલાક એવા પણ છે કે જેઓ "આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા" એવી મનોવૃત્તિવાળા હોય છે, તેમને ભોગ-વિલાસમાં જ રસ હોય છે. તેમાં જ તેઓ ગુલતાન હોય છે. ભગવાનને યાદ કરે છે પણ ક્યારેક ક્યારેક. ધર્મસાધના કરે છે પણ ક્યારેક ક્યારેક. આવા માણસો કનિષ્ઠ જિજ્ઞાસુઓની શ્રેણીમાં આવે છે.

ત્રણની શ્રેણી તમારી સમક્ષ છે. હવે તમે જ નક્કી કરી લો તમે કેવા પ્રકારના જિજ્ઞાસુ કે સાધક છો.

# ૬૩. આગ ને આત્મા

તણખો હોય કે જ્યોત, જ્યોત હોય કે જ્વાળા, જ્વાળા હોય કે ચૂલો, ચૂલો હોય કે ચિતા, ચિતા હોય કે દવ. આ બધાયમાં આગનું તત્ત્વ સમાન છે. અગ્નિના આ વિવિધ સ્વરુપમાં પ્રકાશનું તત્ત્વ એક છે.

કીડી હોય કે કુંજર, સ્ત્રી હોય કે પુરુષ, બાળક હોય કે વૃદ્ધ, સબળ હોય કે નિર્બળ - કદ અને આકાર ગમે તેવા હોય દરેકમાં આત્મ તત્ત્વ સમાન છે. આત્માનું વિશુદ્ધ અને તેજોમય તત્ત્વ દરેકમાં સમાન છે.

અવ્યક્ત અને અદ્દષ્ટ આ આત્મતત્ત્વને સાધક ઓળખી લે અને તેનો સમુચિત ઉપયોગ કરી લે તો એ જ આત્મા પરમાત્મા બની રહે છે. જીવ શિવ બની જાય છે. સ્વ સિદ્ધ બને છે.

તણખો આગ પણ લગાડે છે. એ જ તણખો જ્યોત બને તો અંધકારને દૂર કરે છે. ચૂલામાં તે સળગે છે તો તે રસોઈ બનાવે છે. ચિતામાં ભડભડ બળે છે તો દેહને ખાખ કરે છે અને મકાન કે જંગલમાં લાગે તો ભીષણ હોનારત સર્જે છે.

અગ્નિના આ વિવિધ રુપો હોવા છતાંય તત્ત્વ રુપે વિચારનારને તો દરેકમાં અગ્નિ જ દેખાવાનો. કારણ જ્યોત કે જ્વાળા, ચૂલો કે ચિતામાં સળગે છે તે પ્રકાશ મૂળ સ્વરુપે શુદ્ધ અગ્નિ છે.

આત્મા પણ સ્વયં શુદ્ધ અને પ્રકાશવાન છે. કાળો ધુમાડો દેખાય છે તે અશુદ્ધિઓ બળે છે તેનો રંગ છે, અગ્નિનો નહિ. તે જ પ્રમાણે જીવનમાં જે મલિનતા અને દોષો છે તે બધા મનના છે, આત્માના નહિ.

સાધકે તપનો તેજ તણખો પ્રગટાવી સાધનાના યજ્ઞમાં એ બધી અશુચિઓ અને અશુદ્ધિઓ, વિષય અને કષાયોને બાળી નાંખવાના છે અને શુદ્ધ તેજોમય આત્માનો સાક્ષાત્કાર કરવાનો છે.

# ૬૪. દાતા

દાતાઓએ નદીના વહેતા જલપ્રવાહની જેમ દાન કરવું જોઈએ.

નદીનો પ્રવાહ વહે છે ત્યારે તેના માર્ગમાં આવતા ખાડા અને ખાબોચિયાને પહેલા ભરે છે. એ પછી તે આગળ વધતું જાય છે.

શ્રીમંતોએ પોતાની પાસેના ધનનો પ્રવાહ વહેતો રાખવાનો છે. દાનના પ્રવાહમાં ધનને વહેતું રાખવું જોઈએ.

જેઓનાં જીવનમાં આર્થિક ખાડો છે તેવા જરુરિયાતવાળાઓને દાતાઓએ સૌ પ્રથમ દાન આપી તેમનો ખાડો ભરી દેવો જોઈએ.

નદી હંમેશા વહેતી જ રહે છે. જ્યાં જ્યાં એનો પ્રવાહ વહે છે ત્યાં ત્યાંની જમીનને એ સમૃદ્ધ બનાવે છે.

શ્રીમંતોએ પણ પોતાના ધનનો પ્રવાહ હંમેશ વહેતો રાખવો જોઈએ. આંગણે આવેલાને દાન કરી તેના જીવનને વધુ સમૃદ્ધ બનાવવું જોઈએ.

સાગરમાં પુષ્કળ પાણી છે પરંતુ તે પાણી પી નથી શકાતું. નદીનું પાણી પી શકાય છે. તે મીઠું અને મધુર હોય છે.

જેઓ દાન નથી કરતાં; જે પોતાને મળેલા ધનનો સદ્વ્યય નથી કરતાં તેનું ધન સાગર જેવું છે. તે તિજોરીમાં જ ચમકે છે.

આથી જ ધનનો સંગ્રહ ન કરો. ધનને હંમેશાં વ્હેંચતા રહો, દાન કરતાં રહો. છે તેમાંથી થોડું થોડું પણ જરુરતવાળાઓને આપતા રહો. કારણ કે આપે છે તે પામે છે. વહેંચે છે તે વિકસે છે.

# ૬૫. ઘાણીનો બળદ

ઘાણીનો બળદ આખો દિવસ ચાલ ચાલ કરે છે. તે કેટલું ચાલ્યો તેની ગણના કરીએ તો રોજના એ કંઈ કેટલાય માઈલ ચાલતો હશે. પણ એ ચાલીને છેલ્લે ક્યાં પહોંચતો હોય છે? જ્યાંથી ચાલવાનું શરુ કર્યું હોય ત્યાંનો ત્યાં જ એ હોય છે. તેની ગતિ ક્યારેય પ્રગતિ નથી બનતી. કારણ?

ઘાણીનો બળદ એક વર્તુળમાં જ ઘૂમે છે. ઘાણીની આસપાસ ચારે બાજુ ગોળ ગોળ ફર્યા કરે છે. મોટાભાગનાં માણસો ઘાણીના બળદની જેમ જ ઘૂમ્યા કરે છે.

તેનું વર્તુળ માત્ર કુટુંબ હોય છે. ઘરે થી સવારે નીકળી એ દોડાદોડ કરે છે અને રાત્રે એ ઘરે જ આવે છે. ઘાણીના બળદની આંખે પટ્ટી હોય છે. આંખ છે પણ તે જોતો નથી. માનવી પણ અજ્ઞાનની પટ્ટી બાંધી રાતદિવસ શ્વાસભેર દોડ્યા જ કરે છે.

માનવી ઉઘાડી આંખે જુવે છે કે આ કાળી મજૂરી છે. થાકી જવાય એવી બધી દોડધામ છે. છતાંય અજ્ઞાનની પટ્ટી આંખ પર હોવાથી તેની દોડ કુટુંબ પૂરતી જ રહે છે.

પોતાના સંસારમાં જ તે જીવે છે. તે વિચારતો સુદ્ધાં પણ નથી કે હું શા માટે આ બધા માટે તૂટી મરું છું? મારા આ શ્રમ અને પરસેવાનું ફળ શું?

આંખ પર અજ્ઞાનની પટ્ટી બાંધેલી છે એથી જ માનવી ખાલી દોડધામ કરે છે. અજ્ઞાનનું આવરણ હટી જાય તો એ જ દોડતો માનવી છલાંગ મારે, અને થોડીક જ છલાંગોમાં તે પ્રગતિની સર્વોચ્ચ ટોચ પર પહોંચી જાય.

મુક્તિની ટોચે પહોંચવું હોય તો દોડો નહિ, સાધનાની ઊંચાઈ એ છલાંગ મારો, અજ્ઞાનતાને ખંખેરી નાંખો. જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ઝળહળવા દો. જ્ઞાનથી દોડો, જ્ઞાનથી છલાંગ મારો.

# ૬૬. રેસનો ઘોડો

ઘાણીનો બળદ આંખ પર પટ્ટી બાંધીને ગોળાકાર ઘૂમે છે. તો રેસનો ઘોડો મોટા મેદાનમાં ગોળાકાર તેજ ગતિએ, ખૂલ્લી આંખે દોડે છે.

રેસના શોખીન જુગારીઓ એ ઘોડા પર, ઘોડાની તેજ ગતિ પર લાખોની હોડ બકે છે. લાખો હારે છે અને જીતે છે.

પણ રેસના ઘોડાના ફાળે શું આવે છે? સિવાય કે લાંબી દોડનો થાક. તેની પ્રગતિ તો ક્યાંય થતી નથી. ઘાણીનો બળદ અને રેસનો ઘોડો બંને જ્યાં હોય છે ત્યાંના ત્યાં જ રહે છે. રેસના ઘોડાને તો સવારની વારેઘડીએ એડીઓનો માર પણ સહન કરવો પડે છે. બળદને પણ માર અને ગાળો ખાવી પડે છે.

ચક્કર ઘાણીનું હોય કે રેસના ગોળ મેદાનનું, તેથી કોઈ ફરક પડતો નથી. માનવીનું પણ તેવું જ છે. તે પૈસા પાછળ દોડે કે પ્રતિષ્ઠા પાછળ, તેનાથી તેનો જીવનનિર્વાહ જ મેળવે છે. ઉદાત્ત અને ઉચ્ચ મુક્તિના ધ્યેયને તે ક્યારેય પામતો નથી.

# ૬૭. કિલ્લેબંધી

પ્રાચીન નગરોમાં કિલ્લાનું સ્થાન ઘણું મહત્ત્વનું હતું. દરેક રાજા પોતાના નગરનું શત્રુથી રક્ષણ કરવા માટે નગર ફરતો વિશાળ અને મજબૂત કિલ્લો બંધાવતો હતો. એ કિલ્લા પર સુભટોનો અખંડ રાત-દિવસ ચોકીપહેરો રહેતો.

આજે નગરો છે પણ તેનાં રક્ષણની જવાબદારી રાષ્ટ્રીય શાસનની છે. દરેક રાષ્ટ્ર પોતાની સરહદોની અડીખમ સંભાળ રાખે છે. એક તસુ જમીનમાં પણ દુશ્મન દેશ ઘૂસી ન આવે તે માટે જંગી, પાકી અને વ્યૂહાત્મક વ્યવસ્થા દરેક રાષ્ટ્રમાં જોવા મળે છે.

નગર કે રાષ્ટ્રના રક્ષણ માટે કિલ્લા અને સરહદી ચોકીની જરુર છે તેમ લોહીલુહાણ બનાવતાં આંતરિક શત્રુઓથી પણ જીવાતા જીવનનું સતત અને જાગ્રત રક્ષણ કરવું ખૂબ જ જરુરી છે.

કામ, ક્રોધ, માન, માયા, લોભ, મત્સર, પ્રમાદ, મોહ વગેરે અનેક શત્રુઓ આપણા જીવનની વ્યવસ્થાને તોડી-ફોડી નાંખે છે. જીવનનો સમ્રાટ આત્મા ઊંઘતો હોય કે પ્રમાદમાં હોય ત્યારે આ શત્રુઓ જીવનના તમામ સીમાડાઓથી દોડી આવીને જીવનમાં અરાજકતા ફેલાવે છે. આ આંતરિક શત્રુઓ આત્માને ગુલામ બનાવી જીવનમાં મન ફાવે તેમ વર્તે છે અને જીવન બિસ્માર અને બરબાદ બની જાય છે.

આઝાદ રાષ્ટ્રનો નાગરિક આઝાદી-પ્રિય જ હોય. જીવનને ગુલામીની જંજીરમાં ન બાંધો, ન વ્યસનોના ગુલામ બનો. ન વાસનાના દાસ બનો. કષાયોના કેદી ન બનો. પ્રમાદને પરાધીન ન થાવ. લોભથી લાચાર ન બનો. માયાથી મજબૂર ન બનો.

તમારા જીવનને આઝાદ અને સ્વતંત્ર બનાવવું હોય તો આત્માનું સતત, સાવધ અને જાગ્રતપણે રક્ષણ કરો. અધ્યાત્મની એવી કિલ્લેબંધી કરો કે તેના દુર્ગ અને દરવાજા, તેના ગુંબજો અને ગોખલા જોઈ ને જ શત્રુઓ છળી ઊઠે.

જીવનના તમામ ક્ષેત્રે, મનના તમામ તરંગો પર યમ, નિયમ, સંયમ, સંવેગ, વૈરાગ્યની અડીખમ ચોકી ગોઠવો. અને તેને કાયમી હુકમ આપી રાખો કે શત્રુ દેખાય કે તુરત જ તેને ઠાર કરે.

# ૬૮. માખી અને કૂતરો

મોટરના પૈડા પર એક માખી બેઠી હતી. તે મૂછો આમળીને કહી રહી હતી: ‘મોટર તો હું જ ચલાવું છું.’

ગામડાની એક ધૂળી શેરીમાંથી એક બળદગાડું ધીમી ગતિએ જઈ રહ્યું હતું. ગાડાની નીચે એક કૂતરું પણ ચાલી રહ્યું હતું. અક્કડ બની એ અડગ ડગલા ભરી રહ્યું હતું. તેનું ફુલેલું નાક, ઊંચે ચડેલું કપાળ અને પહોળી આંખો કહી રહ્યા હતા: ‘ગાડાનો ભાર હું જ વહન કરું છું.’

સંસારી માનવી કાં તો આવી માખી જેવો છે અથવા તો ગાડા નીચે ચાલતા કૂતરા જેવો.

પેઢી પર બેઠો હોય છે ત્યારે એમ જ સમજતો હોય છે કે આ પેઢી હું જ ચલાવું છું.

ઘરે આવે છે ત્યારે તેનો એવો રુવાબ હોય છે કે આખા કુટુંબનો ભાર હું જ ઉપાડું છું.

સત્તા સંસ્થાની હોય કે રાજ્યની કે રાષ્ટ્રની. તેના પર પદસ્થ થયેલો માનવી એવી જ હવા ઊભી કરે છે કે હું નહિ હોઉં ત્યારે તમને ખબર પડશે, સૌભાગ્ય સમજો તમારા કે હું તમને મળ્યો છું.

આમ માનવું, આમ સમજવું એ અજ્ઞાન છે, મૂર્ખતા છે. દુનિયા આખીને ભયથી થથરાવી નાંખનાર નેપોલિયન પણ કેદ પકડાય છે. આખા કુટુંબનો ભાર ઉપાડનારને પણ ક્યારેક તેનો ભાર ઉપડાવો પડે છે.

કર્મની સત્તા અતિ પ્રબળ છે, તેના આગળ તીર્થંકરોનું પણ નથી ચાલતું. કર્મ આગળ તો ચક્રવર્તીઓ અને મહર્ષિઓ પણ પામર છે, લાચાર છે.

ત્યારે અભિમાન લઈને ફરવું કે હું જ બધું હંકારું છું અને હું જ બધો ભાર ઉપાડું છું તે જીવનને આડે રસ્તે ચડાવી દેવા જેવું છે.

અને જ્યારે જીવન પોતે જ ક્ષણભંગુર છે ત્યારે અભિમાન શેનું રાખવાનું હોય? કારણ આજે રાખેલું અભિમાન ક્યારે ચકનાચૂર થઈ જશે તેની કોઈ ને જ ખબર નથી.

# ૬૯. ઈંટ

આત્મસાધકે પોતાના જીવનને પાકી ઇંટ જેવું બનાવવું જોઈએ.

મકાનના ચણતરમાં ઇંટોનું સ્થાન મહત્ત્વનું છે. ઇંટોના આધાર પર મકાન સૈકાઓ સુધી ટકે છે. તત્ત્વની દૃષ્ટિએ વિચારીએ તો ઇંટ ધૂળની બનેલી છે. પણ ધૂળનું મકાન નથી બનતું.

ધૂળ ઇંટ બને છે. આ માટે તે અનેકવિધ યાતનાઓમાંથી પસાર થાય છે. ઠંડા પાણીમાં ભીંજાય છે. પગ નીચે કચડાય છે. સળગતી જ્વાળાઓમાં શેકાય છે. તડકામાં તપે છે. ગધેડા ઉપર ભરબજારે તે હસતા મુખે બેસે છે.

ધૂળ આ પ્રકારની આકરી કસોટીમાંથી પસાર થયા બાદ ઇંટ બને છે. આ ઇંટ પાકી હોય છે, પરિપક્વ હોય છે. આવી પાકી ઇંટો જ મકાન, પૂલ, બંધ વગેરે નાની-મોટી ઇમારતોનો ભાર ઉપાડી શકે છે. મકાન, સંસ્કૃતિનો આધાર આવી પાકી ઇંટો પર છે.

અનાદિકાળના ભવભ્રમણનાં કારણે માનવમાત્રમાં દોષો, ક્ષતિઓ, ત્રુટિઓ, નિર્બળતાઓ વગેરે હોય છે. અજ્ઞાન અને પ્રમાદના ધૂળિયા જીવનને સંસ્કાર અને ચારિત્ર્યથી પાકી ઇંટ જેવું બનાવવું જોઈએ. ભગવાનના નામસ્મરણથી અંતરને શુદ્ધ કરવું જોઈએ. તપથી અંતરને વિશુદ્ધ બનાવવું જોઈએ. ત્યાગ અને વૈરાગ્યથી તેને કસવું જોઈએ.

જીવનમાં સુખ આવે કે દુ:ખ, પ્રિયનો વિયોગ થાય કે અપ્રિયનો સંયોગ, સફળતા મળે કે નિષ્ફળતા, આવકાર મળે કે

અપમાન - આ બધી જ પરિસ્થિતિમાં આત્મા વિચલિત ન બને, સુખમાં હરખાય નહિ અને દુ:ખમાં રડે નહિ, બંને પરિસ્થિતિને પ્રસન્ન ચિત્તે વધાવે ત્યારે સમજવું કે હવે જીવન પરિપક્વ બન્યું છે. મુમુક્ષુ સાધકોએ તેમજ સફળતા ઇચ્છતા જીવોએ પણ પ્રયત્નપૂર્વક દરેક બાબતમાં જરુરી પરિપક્વતા મેળવવી જોઈએ.

# ૭૦. રેતી

રેતી રેતી છે ત્યાં સુધી તેની ઝાઝી કિંમત નથી. રેતી જ્યાં સુધી વિખરાયેલી છે, વેરણ છેરણ છે ત્યાં સુધી એ કચડાતી રહે છે. પગ-પગની ઠોકર ખાતી રહે છે. કોઈ તેને ઉડાડે છે, ફેંકે પણ છે.

એ જ રેતીના કણો ભેગા થાય છે, તેમાં પાણી, સીમેન્ટ વગેરે ભળે છે ત્યારે એ જ રેતી એક તાકાત બને છે. તેની વેરવિખેર શક્તિઓ સાથે સીમેન્ટ વગેરે ભળતાં તે ઉપયોગી અને ઉપકારક બની રહે છે. તેવી રેતીથી ગગનચૂંબી ઇમારતો બને છે. મોટા મોટા પૂલ બને છે. જંગી બંધ બંધાય છે. આ પ્રભાવ છે રેતીના કણોની એકતાનો. પોતાની છૂટી છવાઈ શક્તિઓને કેન્દ્રિત કરવાનો.

જીવન-વિકાસ માટે તેમ જ મુક્તિ મેળવવા માટે પણ પોતાનામાં રહેલી વિવિધ શક્તિઓને કેન્દ્રસ્થ કરવાની જરુર છે. પાંચે પાંચ જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિયમાં પ્રચંડ તાકાત રહેલી છે. પરંતુ પગ ચાલે છે મંદિર ભણી અને હોઠ પર તલપ હોય છે મદીરાની. હાથમાં માળા હોય છે અને આંખમાં ઉભરાતા હોય છે માનુનીઓના વિવિધ રુપો. અંતરની દશા તો આનાથી ય કૈંક ગણી ચિત્રવિચિત્ર હોય છે.

ધ્યાનથી આત્મનિરીક્ષણ કરનાર જોઈ શકશે કે પોતાની બધી જ વૃત્તિઓ અને શક્તિઓ રેતીના કણ જેવી વેરવિખેર છે. જીવનમાં ક્યાંય વિચાર, વાણી અને વર્તનની એકવાક્યતા નથી.

જીવનમાં સિદ્ધિ મેળવવા માટે આ બધી છૂટી છવાઈ શક્તિઓ અને ક્ષમતાને આત્મામાં-ધ્યેયમાં કેન્દ્રસ્થ કરવાની જરુર છે. આંખને પણ આત્મા ભણી વાળો અને અંતરને પણ આત્મા તરફ વાળો. બધી જ છૂટી છવાઈ શક્તિઓને અધ્યાત્મમાં સ્થિર કરો. આમ સંગઠિત તાકાત અને સ્થિર મનથી જે વ્યક્તિ જીવનને અધ્યાત્મના રંગે રંગે છે તેને એક દિવસ અવશ્ય આત્માનો સાક્ષાત્કાર થાય છે.

# ૭૧. નળ અને આત્મા

આત્મા પોતે જ પરમાત્મા છે. જીવ પોતે જ શિવ છે. સ્વ પોતે જ સ્વયં સિદ્ધ છે. આ સનાતન સત્ય છે. પરંતુ અજ્ઞાન અને મોહના કારણે આ સત્યનો સ્વીકાર થતો નથી.

ઘરમાં નળ છે. નળમાંથી પાણી આવે છે. સ્થૂલ બુદ્ધિના કારણે તેને નળના પાણી તરીકે ઓળખાવાય છે. વાસ્તવમાં જોઈએ તો નળના પાણી જેવું કંઈ નથી.

કારણ નળનું પાણી કોઈ તળાવ-સરોવર-જળાશય-માંથી આવે છે. જળાશયનું પાણી કોઈ બંધમાંથી આવે છે. બંધમાં પાણી નદીમાંથી આવે છે. નદીમાં પાણી વાદળામાંથી આવે છે. સમુદ્રનાં પાણીની વરાળ બને છે અને તે વરાળનાં વાદળ બને છે. વાદળ પર્વતો સાથે અથડાય છે અને પાણી બની તૂટે છે. તે પાણી નદી બને છે.

નળનું પાણી સમુદ્રનું પાણી છે એવું કોઈ કહેતું નથી, માનતું નથી. વરસાદની વૈજ્ઞાનિક પ્રક્રિયાનું જ્ઞાન ન હોવાથી પાણીનો ભેદ અને અભેદ સમજાતો નથી.

અજ્ઞાનથી આપણે માનીએ છીએ કે શરીર એ જીવ છે. પરંતુ શરીર જીવ નથી. જે જીવ છે, જે આત્મા છે તે બીજો જ છે. અને આ બીજો જે છે તે તેનાં મૂળ સ્વરુપે પરમાત્મા છે.

આત્મામાં પરમાત્મા ગોપિત છે. વિવિધ કર્મોનાં આવરણો હેઠળ આત્મા ઢંકાઈ ગયો છે. તેનું અસલી રુપ દૃષ્ટિગોચર નથી થતું.

જીવન મળ્યું છે તે આ અસલી સ્વરુપને પામવા માટે. આથી શરીરને આત્મા ન માનો. શરીરની વૃત્તિઓ અને વ્યાપારને આત્માનાં સ્વભાવ ન સમજો.

વિવિધ કર્મોનાં આવરણોને હટાવો અને તમને આત્માના સત્ય, સૌન્દર્યના દર્શન થશે. તેનો, તમામ દુ:ખો અને વેદનાઓને દૂર કરતો, એક અવર્ણનિય આનંદનો અનુભવ થશે.

# ૭૨. માનવતા

બજારમાં હજારો પ્રકારનો માલ વેચાય છે. આ વેચાતા માલ ઉપર લેબલ પણ હોય છે. લેબલ વિના પણ ઘણો માલ વેચાય છે.

લેબલથી માલ ઓળખાય છે. લેબલથી ખરીદનાર સમજી શકે છે કે આ માલ અમુક છે અને અમુક કંપનીએ તે બનાવ્યો

છે. લેબલ માલની ઓળખ કરાવે છે. પણ લેબલ પોતે માલ નથી.

જૈન ધર્મ, હિન્દુ ધર્મ, ખ્રિસ્તી ધર્મ વગેરે ધર્મ નથી, એ બધા લેબલ છે. તેનાથી કહી શકાય છે અને ભેદ પાડી શકાય છે કે આ જૈન છે, તે હિન્દુ છે.

મહત્ત્વ આ લેબલનું નથી. લેબલ તો માલને પાછળથી લાગે છે. પહેલાં તો માલ હોય છે. આ બધા ભિન્ન ભિન્ન લેબલવાળા ધર્મોની પહેલાં પણ એક તત્ત્વ છે, તે છે માનવતા.

માલ લેબલ વિના પણ વેચાય છે, ખરીદાય છે. માનવ પણ આવા લેબલવાળા ધર્મ વિના જીવે છે. પરંતુ માલ ખરીદવાનો સંતોષ ત્યારે જ થાય છે કે જ્યારે માલ સાચો અને નક્કર હોય. બનાવટી માલ લેવાથી છેતરાયાનું દુઃખ થાય છે. પૈસા બગડી ગયાનો ગુસ્સો ચડે છે.

વિવિધ લેબલવાળા ધર્મનો અસલી માલ માનવતા છે. સંધ્યા કરો કે સામાયિક કરો, નમાજ પઢો કે પ્રાર્થના કરો એ બધાથી જીવનમાં માનવતાનો વિકાસ કરવાનો છે.

માનવતા એટલે મારો જેવો આત્મા છે તેવો જ આત્મા બીજામાં છે. મને સુખ પ્રિય છે; દુઃખ ગમતું નથી, તેમ બીજાને પણ સુખ પ્રિય છે અને દુઃખ ગમતું નથી. આથી--

હું એવી રીતે જીવું કે મારા જીવન વ્યવહારથી કોઈને પણ દુઃખ ન થાય અને સૌને સુખ-શાંતિ અને આનંદ મળે.

આવો આત્મભાવ, આવી માનવતા જે વિકસાવે છે તે ધર્મ છે. તેવો ધર્મ સૌએ આરાધવો જોઈએ.